Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



*

પૈસાને તમારો સેવક નહિ બનાવો
તો તે તમારો શેઠ જરૂર થઈ બેસશે.

*

પુસ્તક : ૮૬
અંક : ૯–૧૦

અષાડ-શ્રાવણ
જુલાઈ–ઓગષ્ટ
૧૯૮૯

આત્મ સંવત ૯૪
વીર સંવત ૨૫૧૪
વિક્રમ સંવત ૨૦૪૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | મહા મંગલમય પર્યુષણ સ્તવન | લે. શ્રીઅમરચંદ માવજી શાહ | ૧૩૩ |
| ૨ | નિઃશલ્યો વ્રતી | લે. સ્વ. શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા | ૧૩૫ |
| ૩ | સન્યસ્ત, સાહિત્ય, સમાજ સેવાની ત્રિવેણીઃ શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીજી | — | ૧૩૯ |
| ૪ | સુસ્વાગતમ્ શ્રી પર્યુષણ પર્વ | સંકલન શ્રી હીરાલાલ બી. શાહ | ૧૪૩ |
| ૫ | ઉદાસીનભાવ | લે. શ્રી રતિલાલ માણેકચંદ શાહ | ૧૪૫ |
| ૬ | અહિંસા–ધર્મ | લે. શ્રી અમરચંદ માવજી શાહ | ૧૪૮ |
| ૭ | વિશ્વ અહિંસા તરફ વળે! | લે. પ્રફુલ્લ જે. સાવલા | ૧૫૦ |
| ૮ | શ્રી તાલધ્વજ (તળાજા) તીર્થ | સંગ્રાહક શ્રીમતિ ભાનુમતી નગીનદાસ શાહ | ૧૫૧ |
| ૯ | શ્રી ગોડીજી પાર્શ્વનાથ જૈન–દેરાસર ભવ્ય ભૂતકાળ પર એક નજર અને પુનઃ પ્રતિષ્ઠાનો ભવ્ય પ્રસંગ | લે. શ્રી રાયચંદ મગનલાલ શાહ | ૧૫૩ |
| ૧૦ | સમાચાર | — | ૧૫૬ |
| ૧૧ | ડો. શ્રી કુમારપાળ દેસાઈની પ્રગતિ–કૂચ | — | ૧૫૮ |


સભાના નવા આજીવન સભ્ય :-

**શ્રીમતી પ્રભાબ્હેન એચ. શાહ—હુંબલી ગામ**

જેઓ સુખની આકાંક્ષા રાખે છે તેઓ જો બીજાના જીવનને સુખી કરવાનો પ્રયત્ન કરશે તો તેમને સુખ શોધવા જવું પડશે નહિ પણ સુખ તેમને શોધતું આવશે.

"પ્રમાણિક પણે કરેલી મહેનત કદી નકામી જતી નથી છેવટે એનું સુંદર પરિણામ આવે જ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આત્માનંદ પ્રકાશનો વધારો

# શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.

## પરિપત્ર

સુજ્ઞ સભાસદ બંધુઓ/બહેનો,

આ સભાના સભ્યોની સામાન્ય સભાની બેઠક નીચેના કાર્યો માટે સં. ૨૦૪૫ના ભાદરવા વાદ ૨ તા. ૧૭-૯-૮૯ રવિવારના રોજ સવારના ૧૧-૦૦ કલાકે શ્રી આત્માનંદ ભુવનમાં શેઠશ્રી ભોગીલાલભાઇ લેક્ચર હોલમાં મળશે તો આપ અવશ્ય પધારવા તસ્દી લેશો.

કાર્યો :-

(૧) તા. ૬-૩-’૮૮ના રોજ મળેલી સામાન્ય સભાની બેઠકની કાર્યવાહીની શુદ્ધ નોંધ મંજૂર કરવા.

(૨) તા. ૩૧-૩-’૮૯ સુધીના આવક ખર્ચના હિસાબ તથા સરવૈયા મંજૂર કરવા.
આ હિસાબ તથા સરવૈયા વ્યવસ્થાપક સમિતિએ મંજૂર કરવા માટે ભલામણ કરેલ છે. તે સભ્યોને જોવા માટે સભાના ટેબલ પર મૂકેલ છે.

(૩) તા. ૧-૪-’૮૯ થી તા. ૩૧-૩-’૯૦ સુધીના હિસાબ ઓડિટ કરવા માટે ઓડિટરની નિમણૂંક કરવા તથા તેનું મહેનતાણૂં નક્કી કરી મજૂરી આપવા.

(૪) આવતા ત્રણ વર્ષ માટે હોદ્દેદારો તથા વ્યવસ્થાપક સમિતિની ચૂંટણી કરવા.

(૫) પ્રમુખશ્રીની મંજૂરીથી મંત્રી રજુ કરે તે.

લી. સેવકો,

હિંમતલાલ અનોપચંદ મોતીવાળા
પ્રમોદકાન્ત ખીમચંદ શાહ
કાન્તીલાલ હેમરાજ વાંકાણી
માનદ મંત્રીઓ.

તા. ૧૬-૮-’૮૯
ભાવનગર.

તા. ક. :- આ બેઠક કોરમના અભાવે મુલતવી રહેશે તો તેજ દિવસે બંધારણની કલમ ૧૧ અનુસાર અર્ધા કલાક પછી ફરી મળશે અને વગર કોરમે પણ ઉપરની કાર્યવાહી શરૂ કરવામાં આવશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

માનદ્દતંત્રી : શ્રી કાન્તિલાલ જે. દોશી એમ. એ.
માનદ્દ સહતંત્રી : કુ. પ્રફુલ્લા રસિકલાલ વોરા એમ.એ.; એમ.એડ.

## મહા મંગલમય પર્યુષણ સ્તવન

( રાગ : ગીરૂઆરે ગુણ તુમ તણાં )

મહા મંગલમય પર્યુષણ આવ્યા, પાપ કર્મને તજવા રે,
આતમશુદ્ધિ કરવાને કાજે, ધર્મ ધ્યાનને ભજવા રે.
મહા મંગળ – ટેક...૧

સંસારના સૌ બંધન ત્યાગી, સદ્ગુરૂ શરણે જઇએ રે,
દેવાધિદેવની સેવા કરીને, ભવસાગરમાં તરીએ રે.
મહા મંગળ ...૨

પરભાવોથી ઉદાસીનતા ગ્રહી, દેહની મુર્છા ત્યાગી રે,
સંયમ તપને પંથે વિચરી, આતમના થઈ રાગી રે.
મહા મંગળ ...૩

અહિંસાથી અભયના દાન દઈ, મૈત્રી ભાવ વધારી રે,
સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય પાળી, પરિગ્રહ મૂર્છા નિવારી રે.
મહા મંગળ ...૪

દર્શનશુદ્ધિ નિશ્ચયે કરીને, દર્શન મોહને વારી રે,
ચારિત્રશુદ્ધિ શુદ્ધ સ્વભાવે, ચારિત્ર મોહને મારી રે.
મહા મંગળ ...૫

મન વચન કાયાને સ્થિર કરી, શુદ્ધ આત્મ વિકાસ રે,
દર્શન જ્ઞાન ચારિત્રમાં સ્થિરતા, પ્રગટે આત્મ પ્રકાશ રે.
મહા મંગળ ...૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પંચ ઇન્દ્રિયનાં વિષયને રોકી, રાગ દ્વેશને હરવા રે,
પાંચે પ્રમાદનો જય કરીને, અપ્રમત્ત યોગ ધરવા રે.
મહા મંગળ ...૭

ક્રોધ કષાયનો ત્યાગ કરીને, ક્ષમા ધર્મ આચરવા રે,
માન અહંતા ત્યાગ કરીને, નમ્રતા ગુણ ભરવા રે.
મહા મંગળ ..૮

માયા જાળનું બંધન તોડી, સરળતાથી વિચરવું રે,
લોભ કષાયનું કાસળ કાઢી, સંતોષમાં નિત્ય વસવું રે.
મહા મંગળ ...૯

અઢારે પાપનું પ્રાયશ્ચિત કરવા, પ્રતિક્રમણ નિત્ય કરવા રે,
સકળ જીવને ક્ષમા દઇને, આત્મ નિર્મળ કરવા રે.
મહા મંગળ ...૧૦

નિર્જરા હેતુ તપ કરીને, પરદ્રવ્યોથી વિચરવું રે,
સંવર હેતુ સામાયિકથી સમતા યોગમાં ઠરવું રે.
મહા મંગળ ...૧૧

આઠ દિવસમાં આઠ એ કર્મ, બાળી ખાખ કરવા રે,
આત્મ અષ્ટ ગુણો પ્રગટાવી, શુદ્ધ સ્વભાવ ધરવા રે.
મહા મંગળ ...૧૨

દાન શિયળ તપ ભાવના ભાવી, સાર્થક પર્વને કરવા રે,
'અમર' આત્મ સ્વરૂપને સાધી, સત્ ચિદાનંદ વરવા રે.
મહા મંગળ ....૧૩

રચયિતા,

અમરચંદ માવજી શાહ





For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નિઃશલ્યો વ્રતી

લે. : સ્વ. મનસુખલાલ તારાચંદ મહેતા

જૈન દર્શનમાં વ્રતીના બે વિભાગ દર્શાવ્યા છે. (૧) અગારી (૨) અનગાર, અગાર અર્થાત્ ઘર–એટલે કે જેનો ઘર સાથે સંબંધ હોય તે અગારી. અગારી એટલે ગૃહસ્થ. અનગાર અર્થાત્ જેનો ઘર સાથે સંબંધ ન હોય તે–એટલે કે ત્યાગી–મુનિ. જેનામાં વિષય તૃષ્ણા છે તે અગારી, અને જે વિષય તૃષ્ણાથી મુક્ત થયો હોય તે અનગાર. એટલે વ્રતીના આ બે ભેદોમાં જે સાધક વિષય તૃષ્ણાથી મુક્ત થયો હોય તે અનગાર, અને જે વિષયતૃષ્ણાથી મુક્ત ન થયો હોય તે અગારી. અગારી–અનગારીપણાની સાચી કસોટી મૂંડેલા મસ્તક કે વેષના આધારે નથી. પણ વિષયતૃષ્ણાના આધારે છે.

તત્ત્વાર્થ સૂત્રમાં શ્રી ઉમાસ્વાતિ મહારાજે સાચા અર્થમાં વ્રતી બનવાની ભૂમિકા સમજાવતાં કહ્યું છે કે **નિ:શલ્યો વ્રતી** અર્થાત્ જે શલ્ય વિનાનો હોય તે વ્રતી સંભવે. અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહના વ્રતો લેવા માત્રથી વ્રતી બની શકાતું નથી, પણ આવા વ્રતોની સાથોસાથ શલ્યોનો પણ ત્યાગ થવો જોઈએ. શલ્યના મુખ્ય ત્રણ પ્રકારો છે: (૧) દંભ, ડોળ કે ઠગવાની વૃત્તિ (૨) ભોગોની લાલસા (૩) સત્ય ઉપર શ્રદ્ધા ન ચોટવી અથવા અસત્યનો આગ્રહ.

શલ્યવાળો આત્મા કોઈ કારણસર વ્રત લે તો પણ તેનામાં શલ્ય બેઠેલું હોવાથી વ્રતપાલનમાં તે એકાગ્ર બની શકતો નથી. પગમાં કાંટો વાગ્યો હોય ત્યારે આપણું મન જેમ કાંટામાં પરોવાયેલું રહે છે, તે તેમ શલ્યયુકત વ્રતધારીનું મન પણ અસ્થિર અને અસ્વસ્થ રહે છે.

પ્રકૃતિની કોઈપણ ગતિમાં જેને મોહ થતો નથી તેને વિરાગી કહેવામાં આવે છે. આવો માણસ વ્રતી બનવાની લાયકાત ધરાવે છે, કારણ કે તેને જૂની ગતિ, જુના સંસ્કારો પ્રત્યે અણગમો–અભાવ ઉત્પન્ન થાય છે. જુની રીતરસમો અને વૈભવ વિલાસના સાધનોમાંથી તેનો રસ ઉડી જાય છે. પરન્તુ આવો વિરાગી પણ જો શલ્ય રહીત ન થયો હોય તો પ્રાચીન સંસ્કારો અને જુનાં સ્મરણો વખતોવખત તેની પર પ્રબળપણે હુમલો કરે છે. અને ઉર્ધ્વગામી જીવન માર્ગમાં કંટકનું કાર્ય કરે છે. આ સંબંધમાં લક્ષ્મણી સાધ્વીજીની કથા જાણીતી છે. આવા પ્રત્યાઘાતો અને સંઘર્ષો જીવનમાં દરેક સાધકે અનુભવવા પડે છે, અને ધર્મશાસ્ત્રોમાં તેને ઉપસર્ગો તરીકે ઓળખાવ્યા છે. ઉપસર્ગોથી ભય પામવાનું કોઈ કારણ નથી, કારણ કે આત્માની ઉર્ધ્વગતિમાં ઉપસર્ગો પણ રસાયણનું કામ કરે છે. પરન્તુ આવા ઉપસર્ગો શા માટે થાય છે. અને ઉપસર્ગો આત્માને ઉર્ધ્વગતિમાં લઈ જવાને બદલે અધોગતિમાં કઈ રીતે ઘસડી જાય છે તેનું રહસ્ય સમજી લેવું જોઈએ. આ રહસ્ય સમજવામાં આવે તો જ ઉપસર્ગોનો વિવેકપૂર્વક કરી શકાય સામનો કરી શકાય છે. આ સંબંધમાં ભગવાન મહાવીરના સોળમાં ભવની વાત બહુ સમજવા જેવી છે.

મરિચીના ભવ પછીના કેટલાક ભવો પછી સોળમાં ભવે મરિચીના જીવે રાજગૃહ નગરમાં વિશ્વનંદી રાજાના ભાઈ વિશાખાભૂતિની પત્ની ધારિણીને પેટે પુત્ર તરીકે જન્મ લીધો, અને ત્યાં તેનું નામ વિશ્વભૂતિ પાડવામાં આવ્યું. યુવાન અવસ્થા પ્રાપ્ત થતાં બત્રીસ રાજકન્યાઓ સાથે તેના લગ્ન કરવામાં આવ્યા. અને તે વૈભવ–વિલાસ–પૂર્વક રહેવા લાગ્યો.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિશ્વભૂતિના પિતા વિશાખભૂતિ વિશ્વનંદી રાજાના ભાઈ હતા, અને રાજાને પોતાના ભાઈ ઉપર અથાગ રાગ અને પ્રીતિ હતા. વિશ્વભૂતિ આ કારણે રાજ્યની બધી ભોગ લક્ષ્મી વિના સંકોચે ભોગવતો, અને રાજાના અત્યુત્તમ ઉદ્યાનમાં પુષ્પ-કરંડકનો ઉપભોગ પણ કાયમ માટે વિશ્વભૂતિ જ કરતો. રાજકુટુમ્બની કોઈ અન્ય વ્યકિતને તે ઉદ્યાનમાં પ્રવેશ કરવાની તક ભાગ્યે જ સાંપડતી.

વિશ્વનંદી રાજાની માનિતી રાણી મદનલેખાને નંદી નામે પુત્ર હતો. તે બિચારો અવાર-નવાર પુષ્પકરંડક ઉદ્યાનમાં રહેવા જવા વિચાર કરતો હતો, પણ તે ઉદ્યાનમાં વિશ્વભૂતિ પડયો પાથર્યો જ રહેતો એટલે તેનો ઇરાદો બર ન આવતો.

એક વખત મદનલેખા રાણીની દાસીઓ ઉદ્યાનમાં પુષ્પ લેવા ગઇ, અને તે વખતે નંદી પણ પોતાના રસાલા સાથે ઉદ્યાનના માર્ગે જઈ રહ્યો હતો. પરન્તુ વિશ્વભૂતિ ત્યાં હતો એટલે દાસીઓ પુષ્પ લીધા વિના પાછી ફરી અને નંદીને પણ વીલાં મોઢે પાછું ફરવું પડયું. દાસીઓથી રાજકુમારની આ પરિસ્થિતિ સહન ન થઈ અને તેઓએ મદન-લેખાને કાન ભંભેરી ઉશ્કેરી. કૈકયી જેમ દશરથને પ્રિય હતી, તેમ વિશ્વનંદીને પણ મદનલેખા અતિ પ્રિય હતી. મદનલેખાએ રૂસણું લીધું. એટલે રાજાએ વિશ્વભૂતિને ઉદ્યાનમાંથી ખસેડવાનું વચન આપી તેના મનનું સમાધાન કર્યું, અને બળથી નહિ પણ કળથી આ કામ કરવાનો નિશ્ચય કર્યો.

રાજાએ આ બાબતમાં મંત્રીઓ સાથે ચર્ચા કરી અને લશ્કરને સજ્જ કરવા ભેરી વગાડાવી. પ્રયાણ ભેરીનો અવાજ સાંભળી વિશ્વભૂતિ ઉદ્યાન-માંથી તુરત રાજદરબારમાં દોડયો અને રાજ્ય ઉપર કોનો હલ્લો આવી પડયો છે તે સંબંધમાં રાજાને પૂછયું. રાજાએ તેને કહ્યું કે સીમાડા પરનો પુરૂષ-સિંહ નામનો માંડલીક ઉદ્ધત થઇ ગયો છે અને પ્રજાને સતાવતો હોવાથી તેને શિક્ષા કરવા તે લશ્કર સાથે કૂચ કરે છે.

આવી ક્ષુલ્લક બાબતમાં રાજાએ પોતે જવું ન ઘટે, અને તે કાર્ય પોતે પતાવી દેશે એમ કહી વિશ્વભૂતિએ સૈન્ય સાથે પ્રયાણ કરવાની આજ્ઞા માગી. રાજાએ રજા આપી એટલે વિશ્વભૂતિ લશ્કર લઇ પુરૂષસિંહના મથક પર જવા નીકળી પડયો. પરન્તુ ત્યાં જઈ તપાસ કરતાં માલૂમ પડયું કે રાજાએ આપેલી માહિતી ખોટી હતી, કારણ કે પુરૂષ-સિંહનું વર્તન અતિ નમ્ર અને વિવેકપૂર્વકનું હતું.

આ તરફ વિશ્વભૂતિએ સૈન્ય સાથે જેવી કૂચ કરી કે બીજી તરફથી રાજાએ નંદીકુમારને પુષ્પ-કરંડક ઉદ્યાનમાં રહેવા જવા મોકલી આપ્યો. વિશ્વભૂતિને પાછા ફર્યા બાદ રાજાની યુક્તિ સમ-જાઈ ગઈ અને તેને ભારે ગુસ્સો આવ્યો. વિશ્વભૂતિ ઉદ્યાનમાં ગયો ત્યારે રાજાની આજ્ઞાનુસાર દ્વારપાળે તેને જણાવ્યું કે ત્યાં તો રાજકુમાર નંદી અંતઃપુર સાથે વિહાર કરે છે માટે તેને પ્રવેશ મળી શકશે નહીં. દ્વારપાળની આવી વાત સાંભળી વિશ્વભૂતિનો મિજાજ ગયો અને પાસેના એક કોઠાંના ઝાડ પર મુક્કી મારી અને તૂટી પડતાં કોઠાં બતાવીને નંદીના અનુચરોને કહ્યું : 'હરામખોરો, આ કોઠાંની પેઠે હમણાં તમારા માથાં ટપોટપ જમીન પર ગબડાવી શકું તેમ છું. પણ રાજાની આમન્યા આડી આવે છે.'

આમ છતાં વિશ્વભૂતિને રાજા પ્રત્યે ભારે તિરસ્કાર થયો અને સંસારના તમામ સગાં સંબંધીઓ ઉપર વૈરાગ્ય આવી જતાં વિચારવા લાગ્યો; આ દુનિયામાં બધાંજ મતલબનાં સગાં છે! વસ્તુતાએ પોતાનું કોણ છે? નહીં તો વડિલ થઇને રાજા પોતે આમ વર્તે? સંસારના બધા જ ભોગો આવા છે. તેમને મેળવવા તથા ભોગવવા આ પ્રમાણે નિકટના સગાસંબંધી સાથે પણ ઠગાઈ કરવી પડે છે. એ ભોગો જૂઠ, હિંસા, ચોરી આદિ મહા દોષોનું મૂળ છે. તેવા ભોગો ન ભોગવવા એ જ હિતકર છે. અને પછી તો આમ વિચારતાં વિચારતાં તેણે તરત જ સંભૂતિ નામના મુનિ પાસે જઇ સંસારનો ત્યાગ કરી દીક્ષા લઈ લીધી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિશ્વભૂતિ આદર્શ સાધુ બન્યા. ધર્મશાસ્ત્રોનો સારી રીતે અભ્યાસ કર્યો, અને તપ દ્વારા શરીરને હાડપિંજર જેવું બનાવી દીધું. એક મુક્કીથી કોઠી પરના તમામ કોઠાંને ખેરવી પાડનાર વિશ્વભૂતિ મુનિ હવે તો પ્રાણીમાત્રને જરાપણ ઈજા ન કરવાના વ્રતવાળા બન્યાં.

પાણીમાં પડેલો કચરો તળીએ જામી જતાં ઉપરથી પાણી સ્વચ્છ અને નિર્મળ દેખાય છે, પણ એ જ પાણીને આમતેમ ફેરવતાં નીચે પડેલો કચરો જેમ પાણી સાથે મળી જઈ પાણીને ડહોળું બનાવી દે છે, તેમ માનવીમાં પણ કામ ક્રોધ તાત્કાલિક ગમે તેટલા દબાઇ ગયેલા હોય તો પણ તેના સૂક્ષ્મ સંસ્કારને નિર્મળ કરવા એ કાર્ય ભારે દુષ્કર છે. કઠિન તપશ્ચર્યા દ્વારા શરીર ગમે તેટલું તવાય પણ ચિત્તમાં સૂક્ષ્મ રસો કેમેય સુકાતા નથી. મધુર સ્વર, સુંદર રૂપ, સુગંધી પુષ્પ, મિષ્ટપદાર્થ અને સુકોમળ સ્ત્રી–આ પાંચ વિષયો છે, તેઓ ઇંદ્રિયને મળે નહિ, અર્થાત્ કાનને સુસ્વર મળે નહિ, આંખને સુરૂપ મળે નહિ, રસનાને અનુકુળ પદાર્થ મળે નહિ ત્યારે તો **વૃદ્ધા નારી પતિવ્રતા** જેવું થાય છે, પણ આનું નામ આત્મસંયમ કહેવાય નહિ, ઇંદ્રિયના સારા વિષયો પર રાગ ન થાય અને ખરાબ વિષયો પર દ્વેષ ન થાય એજ સાચો આત્મ સંયમ છે.

મહાવ્રતધારી વિશ્વભૂતિના જીવનમાં એક પ્રસંગ એવો બન્યો અને તેના તપ સંયમનો ભૂક્કો થઇ ગયો. મુનિરાજ વિશ્વભૂતિ એક વખતે મથુરામાં વિચરતા હતા, અને તે દિવસોમાં તેમનો પૂર્વનો હરિફ નંદીકુમાર (વિશ્વનંદી રાજાનો પુત્ર જેના માટે વિશ્વભૂતિને પુષ્પ કરંડક ઉદ્યાન મરજીયાત નહિ પણ ફરજીયાત છોડી દેવું પડેલું) મથુરા નરેશની રાજપુત્રી સાથે લગ્ન કરવા જાનૈયાઓ સાથે ત્યાં આવ્યો હતો. માસખમણના પારણા અર્થે ભિક્ષા લેવા મુનિરાજ વિશ્વભૂતિ રાજમાર્ગ પરથી જઇ રહ્યાં હતા નંદીકુમારના અનુચરોએ વિશ્વભૂતિને તરત ઓળખી લીધા અને નંદીકુમારને બોલાવી વિશ્વભૂતિને પાદવિહાર કરતા બતાવ્યા. વિશ્વભૂતિને જોતાં નંદીકુમારને તેની અગાઉની દાદાગીરી યાદ આવી ગઈ. એટલામાં કોઇ ગાયની અડફટમાં વિશ્વભૂતિ આવી જતાં તે ઉછળીને દૂર ગબડી પડ્યાં. નંદીકુમાર આ દૃશ્ય જોઈ મોટેથી હસી પડ્યા અને ટાણો મારતાં બોલ્યા: "કેમ ભાઇ કોઠાં તોડ! તારી મૂઠીનું જોર કયાં ગયું, જે આવી નમાલી ગાયની અડફટથી આમ રસ્તા પર ગુલાંટો ખાવી પડે છે!"

નંદીકુમારની આવી કર્કશ અને કટાક્ષભરી વાણી સાંભળતાં વિશ્વભૂતિના તમામ પ્રાચીન સંસ્કારો ઉદ્દીપન થયાં. મહા તપસ્વી અને સંયમી હોવા છતાં શલ્ય રહિત ન હોવાના કારણે વિશ્વભૂતિએ પોતાના મગજની સમતુલા ગુમાવી અને ગુસ્સામાં આવી જઇ બધાના દેખતા પેલી ગાયને શીંગડા વડે ઉપાડી તેને માથા ઉપર વીંઝીને આકાશમાં ઊંચે ઉછાળી. તીવ્ર ક્રોધના આવેશમાં વશ થઇને એ ક્રિયા કરતી વખતે મનમાં ને મનમાં તેણે દૃઢ સંકલ્પ કર્યો કેઃ 'મેં આજ સુધી આચરેલા કઠોર તથા મહાન તપનું કંઈ ફળ હોય તો આવતા જન્મમાં આ નંદીકુમારનું મારા હાથે મૃત્યુ થાઓ.' મહાન તપસ્વીઓના સંકલ્પો સિદ્ધ થયા વિના રહેતા નથી. અને ભગવાન મહાવીરના અઢારમાં ભવમાં તેના હાથે જ નંદીકુમારના જીવનું સિંહ-સ્વરૂપે મૃત્યુ થયું.

આ ઉપરથી સમજી શકાશે કે કામ ક્રોધ તાત્કાલીક ગમે તેટલા દબાઇ જાય, પરન્તુ તેમના સૂક્ષ્મ સંસ્કારનો જડમૂળથી નાશ કરવો એ ભારે મુશ્કેલ છે. મહા તપસ્વી, સંયમી અને ત્યાગી જીવોને પણ કામ, ક્રોધ, મોહ, માયારૂપી શલ્યોએ ઉંચેથી નીચે પછાડયાં છે. જાતિમદ, લાભમદ, કુળમદ, ઐશ્વર્યમદ, બળમદ, રૂપમદ, તપમદ, અને શ્રુતમદ પણ એક પ્રકારનાં શલ્યો છે. અને હરિકેશી મુનિ, સુભૂમ ચક્રવર્તી, મરિચી, દશાર્ણભદ્ર, બાહુબલી,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સનતકુમાર, કુરગડુ અને સ્થૂલીભદ્રજીના દાખલાઓ સુપ્રસિદ્ધ છે.

વ્રતી બનવા માટે શાસ્ત્રમાં શલ્યોનો ત્યાગ કરવાનું જેમ લખ્યું છે, તેમ આવાં શલ્યોથી વિમુક્ત બનવા માટેનો માર્ગ પણ બતાવવામાં આવ્યો છે કે આત્મા અનાદિ છે, કોઇને કોઇ પોતાનું નથી અને કોઈ પારકું નથી. કોઈ શત્રુ નથી અને કોઈ મિત્ર નથી; દેહની આકૃતિ અને (તેમાં રહેલાં) પરમાણુઓ સ્થિર નથી તો પણ તેમાં તું સમતા કેમ રાખતો નથી ?[1]

ઉત્તરાધ્યયન સૂત્ર[2]માં કહ્યું કે: 'બીજો કોઈ મારા ઉપર કાબૂ રાખે અને તે મારે સહન કરવું પડે તે કરતાં તો હું જ મારી જાત ઉપર પોતે કાબૂ રાખું અને પ્રાપ્ત પરિસ્થિતિમાં પણ પુરૂષાર્થની અજમાયશ સાથે પ્રસન્નભાવે રહું એ વધારે ઉત્તમ છે.'

ગીતા[3]માં કહ્યું છે કે: 'સુખદુ:ખને, લાભ–અલાભને તથા જય–પરાજય વગેરે પરિસ્થિતિઓને સમાન ગણીને અને પરમેશ્વરની ઈચ્છાને વશ થઇને પ્રવૃત્તિ કરનારો મનુષ્ય પ્રાકૃત દુ:ખ કે સુખથી કદી મૂંઝાતો નથી તેમ હરખાતો પણ નથી.'

શ્રી બુધ્ધે શલ્ય કાઢવાનો ઉપાય સમજાવતાં કહ્યું છે કે: "જે મનુષ્ય પ્રદ્વિષ્ટ મન રાખીને પ્રવૃત્તિ કરશે અને વારે વારે સામાના દોષો જ જોયા કરશે કે 'આણે મને ગાળ દીધી,' 'મને માર્યો,' 'મને હરાવ્યો,' આમ વારંવાર યાદ કરતો રહેશે તે માણસની પાછળ, જેમ ગાડીએ જોડેલા બળદની પાછળ પૈડું ચાલતું જ રહે છે તેમ દુ:ખ ચાલતું જ રહેવાનું છે; અને જે મનુષ્ય પ્રસન્ન મન રાખીને પ્રવૃત્તિ કરશે તથા પોતાના અંતરમાં જ જોયા કરશે અને 'બીજાએ શું કર્યું' તે બાબત વિચાર કરવો છોડી દેશે તે માણસને, જેમ તેનો પડછાયો કદી છોડી જતો નથી તેમ સુખ કદી છોડતું જ નથી."[4]

શ્રીમદ્ આનંદઘનજી મહારાજે શાંત જીવના લક્ષણો દર્શાવતા કહ્યું કે :—

માન અપમાન ચિત્ત સમ ગણે,
સમ ગણે કનક પાષાણ રે;
વંદક નિંદક સમ ગણે,
ઇસ્યો હોય તું જાણ રે ॥

સર્વ જગજંતુને સમ ગણે,
સમ ગણે તૃણ મણિ ભાવ રે;
મુક્તિ સંસાર બેહુ સમ ગણે,
મુણે ભવજલ નિધિ નાવ રે ॥

આપણો આતમ ભાવ જે,
એક ચેતના ધાર રે;
અવર સવિ સાથ સંજોગથી,
એહ નિજ પરિકર સાર રે ॥[5]

૧. અધ્યાત્મકલ્પદ્રુમ ૧–૨૩ ૨. અધ્યયન ૧–૧૬
૩. ભગવદ્ગીતા અ. ૨–૩૮
૪. ધમ્મપદ–યમકવર્ગ ગાથા ૧–૩
૫. ભગવાન શાંતિનાથનું સ્તવન ગાથા ૯–૧૦–૧૧



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સન્યસ્ત, સાહિત્ય, સમાજ સેવાની ત્રિવેણી: શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીજી

## શ્રીમદ બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબની ૬૪મી સ્વર્ગારોહણ તિથિ

**મહાન પુરુષો સમાજને ઉન્નત બનાવવાના ભગીરથ કાર્યમાં જીવન ન્યોચ્છાવર કરી દેતા હોય છે. આવા એક મહાત્મા શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી હતા. તેમણે સન્યસ્ત જીવન દ્વારા સમાજનુ માર્ગદર્શન કરવા ઉપરાંત સાહિત્ય અને સેવા માટે ભેખ ધરેલો. આજે તેમની સ્વર્ગારોહણ તિથિ છે. ૬૪મી તિથિએ તેમનો બહોળો અનુયાયી વર્ગ ગુણાનુવાદ દ્વારા સ્મરણપુષ્પો અર્પશે. તેમના કર્મઠ જીવન પર આછા પ્રકાશ દ્વારા એક શ્રદ્ધાંજલિ.**

પરમશ્રદ્ધેય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજના જીવનની વિવિધ વિશેષતાઓની દર્શન કરતાં 'સાહિત્ય સમ્રાટ'ના રૂપમાં એમનું દર્શન ઠીક ઠીક વાસ્તવિક અને વધુ પ્રભાવક થઇ શકે છે. બહુમુખી પ્રતિભાના સ્વામી હોવાની સાથે સાથે સાહિત્યસમ્રાટનું તેમનું રૂપ દેહ આત્માની જેમ એક અભિન્ન બની ગયું હતું. સાહિત્ય જગતનાં વિવિધ ક્ષેત્રોમાં તેઓશ્રીનાં દિવ્ય-દર્શન થઇ શકે છે. કયાંક બાળ-કથાનકના રૂપમાં, તો કયાંક તર્ક સમૃદ્ધ ષડ્ દર્શનના રૂપમાં, કયાંક ચરિત્ર સરિતાના રૂપમાં, તો કયાંક લાલિત્યપૂર્ણ કાવ્ય રચનાના રૂપમાં, કયાંક પ્રસ્તાવનાના રૂપમાં તો કયાંક આમુખના રૂપમાં ! એમની પ્રત્યેક કૃતિઓ અનન્ય છે. સાહિત્યનો કોઈ જ પ્રકાર એમણે છોડયો નથી.

શ્રીમદ્જી પાસે શબ્દોનો અને વિચારોનો વ્યાપક ભંડાર હતો. ઉર્મિઓની દિવ્ય શક્તિ હતી. સાહિત્યને સરળ, સુગમ અને સ્વાભાવિક બનાવવાની અદ્ભુત આવડત હતી. માત્ર શબ્દોના શણગાર ન સર્જતા, એ શબ્દોને હૃદયસ્પર્શી બનાવવાની ભવ્ય ખૂબી એમને સિદ્ધ હતી.

સાચા સાધુ હોવું ઉચ્ચકોટિના સાહિત્યકાર થવું અને છતાં માનવતાભર્યા સહૃદયી સમાજસેવક બનવું એ ત્રણે મહાભાગ્યનું સૌભાગ્ય લઈને અવતરનાર બુદ્ધિસાગરસૂરીશ્વરજીમાં જીવનનો ઝણકાર, બ્રહ્મચર્યનો ચમકાર, આત્મપ્રેમનો પ્રકાશ, વૈરાગ્યનો વિકાસ, વાણીનું સામર્થ્ય, સાહિત્યની સર્જના, યોગનો અધિકાર અને સત્યશોધવાની ઝંખના હતી. એટલે જ જાતે શૈવ-વૈષ્ણવ માતા-પિતાના પુત્ર જ્ઞાતિએ પાટીદાર, દીક્ષા લીધી જૈન ધર્મની. છતાં કંઈક હિંદુ-મુસલમાન જનતાનો પૂજ્યભાવ તેઓએ આકર્ષ્યો હતો.

ગરવી ગુજરાતની ધરા ઉપર વિ.સં. ૧૯૩૦માં શિવરાત્રિના દિને મધ્યરાત્રીએ વિજાપુર નગરમાં શીવધર્મી શિવરામભાઈ પટેલને ઘેર વૈષ્ણવધર્મી અંબાએને તેજસ્વી પુત્રરત્નને જન્મ આપ્યો. આ બાળક તેઓનું પાંચમું સંતાન. બાળપણમાં જ બહુચર માતાની કૃપાથી બચી ગયાં હોવાથી તેનું નામ બહેચર પાડયું. પ્રકૃતિમય જીવન અને શ્રમભરી જિંદગી એને લલાટ લખાયેલી હતી. બીજના ચંદ્રની જેમ દિન-પ્રતિદિન તે વૃદ્ધિ પામ્યો. છ વર્ષની ઉંમરે ગામના પાદરે ધૂળીયા નિશાળમાં વડલાના ઝાડ નીચે શિક્ષણના પગરણ મંડાયા. ધીમે ધીમે ચીવટપૂર્વક પ્રગતિ કરીને દરેક ધોર-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ણુમાં પ્રથમ નંબર મેળવી પાંચમું ધોરણ પાસ કર્યું.

સરખે સરખા, સંસ્કારી, જીગરી બાળગોઠીયાઓ પાસેથી ધાર્મિક અભ્યાસની વાતો સાંભળી પાઠશાળા જવા માટે મન આકર્ષાયું. સં. ૧૯૪૫ના આસો માસમાં વિદ્યાશાળાએ વિદ્યાધ્યયન માટે દાખલ થયા બાળક બહેચરે પંદર વર્ષની ઉંમરે જૈન ધર્મના મર્મરૂપ નવકારમંત્રનું પહેલું ચરણ ઝીલ્યું. કોરી કિતાબ પર પહેલો અક્ષર એ દિવસે અંકાયો. મુખપાઠ કર્યો. રાત્રિભોજન અને કંદમૂળનો ત્યાગ કર્યો. અપૂર્વ ધગશ, તીવ્ર ઝંખના, સતત પરિશ્રમ અને આત્મિક વીર્યોલ્લાસપૂર્વક આધ્યાત્મિકતાની લગન લાગી.

પૂર્વજન્મના સુસંસ્કારો આ જનમમાં શીઘ્ર ઉદયમાં આવે છે જોતજોતામાં પાંચ પ્રતિક્રમણ, ચાર પ્રકરણ, ત્રણ ભાષ્ય અને કર્મગ્રંથનો સંગીન અભ્યાસ પૂર્ણ કર્યો અર્થ-ભાવાર્થ-પરમાર્થનું પરિશીલન કર્યું. બીજી બાજુ નામુ શિખ્યા અને વકીલની પેઢીમાં વકીલાતનું કામ શીખવા માંડયું. વકીલાતના પુસ્તકોનું વાચન શરૂ કર્યું. તીક્ષ્ણ બુદ્ધિ, સુંદર લેખન કળા, મરોડદાર અક્ષરો એમને આ કાર્યમાં વેગથી સફળતા અપાવવા લાગ્યા

પરંતુ તેઓની મૂંઝવણ વધી પડી. તેઓને પરણવું પણ નહોતું. સાધુ પણ થવું નહોતું વકીલ પણ થવું નહોતું! વ્યાપારમાં પ્રપંચ હતો, વકીલાતમાં કાળાંધોળાં હતાં અને લગ્નમાં જીવનોત્કર્ષ દેખાતો નહોતો ત્યારે કરવું શું?? મહેસાણામાં શ્રી યશોવિજયજી પાઠશાળામાં શ્રી સર્વજ્ઞ જિનેશ્વર ભગવંત ભાષિત પારમાર્થિક પદાર્થોનું અધ્યયન કરતાં કરતાં અતૃપ્ત દિલ તરસી ઉઠયું. સતત પરિશિલન, એકાગ્રતા જિજ્ઞાસા અને સાધનાથી અધ્યયનનું શ્રમસાધ્ય કઠીન કાર્ય સહજભાવે પરિપૂર્ણ કરી લીધું. બાળપણમાં મનથી માનેલા ગુરૂ શ્રી રવિસાગરજી કાળધર્મ પામ્યા છેલ્લે તેઓની ખૂબ સેવા ચાકરી કરી.

ગુરૂદેવ કાળધર્મ પામ્યા તે પહેલાં ગુરૂદેવે પોતાની નવકારવાળી બહેચરદાસને આપતાં કહ્યું, "લે મારી નવકારવાળી, તું એને ગણ્યા કરજે. જેથી તારા આત્મામાં અનુભવ જ્ઞાન પ્રગટશે. સૂર્ય ઉપર વાદળાં આવીને જેમ વિખરાઈ જાય તેન તારા ઉપરનાં સંકટના વાદળો વિખરાઈ જશે. જન્મ-મરણના ફેરા ટાળનારી ગુરૂદેવની આ અણમોલ ભેટ હતી.

માતા-પિતાનું અવસાન થતાં આત્માની સહાયથી સંસારને તરવાની અને તપ-ત્યાગના તેજની અપનાવવાની મનોકામના જાગી. ભૂખના વૈભવને માણવાની ઉત્કંઠા જાગી. જુવાની જીવનના દ્વાર પર આવીને જ્યારે રંગોળીઓ પૂરી રહી હોય ત્યારે દીક્ષાનો યોગ સહેલો નથી. ખૂબ મનોમંથન કર્યું. અરે, ઘડી એક પળનો વિલંબ ન કરીશ, સાગર ભરતીએ હોય ત્યારે જ નાવ છોડી મૂકવાની મજા છે. 'ઊઠા દે લંગર, છોડ દે નૈયા!!'

પોતાના ગુરૂદેવના શિષ્ય શ્રી સુખસાગરજી પાલનપુરમાં ચાતુર્માસ હતા. બહેચરદાસે ત્યાં પહોંચી જઇ ગુરૂદેવને દીક્ષા માટે ખૂબ જ આજીજી કરી. વિ. સં. ૧૯૫૭માં ૨૭ વર્ષની ઊંમરે માગશર સુદ છઠ્ઠના દિવસે ગુરૂચરણોમાં જીવનને સમર્પિત કરી દીધું. સંસારની માયા તોડી, મોહ શૃંખલા તોડી મહાભિનીષ્ક્રમણ કરી બહેચરમાંથી "બુદ્ધિસાગર" મુનિવર બન્યા. ગૃહસ્થ અવસ્થામાં જે ત્યાગની મૂર્તિ હતા તે સ્વયં વૈરાગ્યની મૂર્તિ બની ગયા. મુનિ બનતાં જ એમની તેજસ્વિતા સોળે કળાએ પ્રકાશી ઊઠી. માત્ર એક જ દિવસમાં ત્રણસો ગાથાનું 'પખ્ખીસૂત્ર' કંઠસ્થ કર્યું.

બહુ જ સાધારણ કણબી કુટુંબમાં જન્મ લેનાર અને આજીવન ખાદી પહેરનાર આ મહાત્માએ જીવનભર શબ્દ-દેવની ઉપાસના કરવાનો નિર્ણય કર્યો. પૂર્વ કર્મના ઉદય બળથી ઉર્દુ, હિન્દી, ગુજરાતી, સંસ્કૃત અને પ્રાકૃત ભાષાઓનો અભ્યાસ કર્યો. આધ્યાત્મિક સાધનાની કેડી ચીંધનારા અને શ્રદ્ધા-જ્ઞાનની જ્યોત જલાવનારા પૂજ્યશ્રી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સાહિત્ય સર્જનના તો અજબ કસબી હતા ચોવીસ વર્ષના સાધુકાળમાં સૂક્ષ્મ, બોધયુકત તલસ્પર્શી અને સમૃદ્ધ સાહિત્ય સર્જકનો કાંતિમય દેહ ખૂબ પ્રભાવશાળી હતો. માત્ર બરૂની કલમ કે પેન્સિલથી જ તેઓ લખતા દિવસમાં બારેક પેન્સિલ વાપરતા. ટેબલ કે ઢાળિયાનો ઉપયોગ કર્યા સિવાય હિન્દી, ગુજરાતી અને સંસ્કૃત એમ ત્રણે ભાષાઓમાં યોગ, વ્યાકરણ, કાવ્ય, ફિલસૂફી, ઇતિહાસ, રાસ-સાહિત્ય, ભજન કાવ્ય વિ ના ૧૩૫ કરતાં પણ વધુ ગ્રંથોનું અણમોલ સાહિત્ય સમાજને ચરણે ધરી દીધું ]

જૈન સાધુઓમાં રોજનીશી લખનાર તેઓ સૌ પ્રથમ હતા. કવિ તત્વજ્ઞ, વકતા, લેખક, વિદ્વાન, યોગી, અબધૂત અને એકલવીર એમ અનેક સરિતાના સંગમ સમા શ્રીમદ્જી દ્વારા લખાયેલ નિબંધ ગુજરાતી સાહિત્ય પરિષદના ચોથા અધિવેશનમાં વંચાયો હતો. 'આગમસાર' નામનો ગ્રંથ એમણે એકસો વાર વાંચ્યો હતો. પોતાના જીવન દરમિયાન શ્રીમદ્જીએ પચ્ચીસ હજાર જેટલા ગ્રંથોનો અભ્યાસ કર્યો હતો. 'કર્મયોગ' નામનો એમનો ગ્રંથ જોઇને લોકમાન્ય તિલક ખુબ ખુશ થયા હતા અને તેઓએ કહ્યું હતું કે, જો શ્રીમદ્ આ ગ્રંથ લખી રહ્યા છે એવો મને ખ્યાલ હોત તો હું મારો 'કર્મગ્રંથ' લખત નહિ.

પંજાબ કેસરી લાલા લજપતરાય અને પંડિત માલવીયા સાથે શ્રીમદ્જીએ દેશ અને ધર્મોન્નતિની વિચારણાઓ કરી હતી. અમદાવાદમાં સાબરમતીના કાંઠે ગાંધીજી સાથે પૂજ્યશ્રીનો સમાગમ થયો હતો.

ધાર્મિક સુસંસ્કારોની સાથે વ્યવહારિક કેળવણીના ઉદ્દેશથી શ્રીમદ્જીએ પાલીતાણામાં શ્રી યશોવિજયજી જૈન ગુરુકુલ, અમદાવાદમાં લલ્લુરામજી બોર્ડિંગ, વડોદરામાં દશાશ્રીમાળી જૈન બોર્ડીંગ અને સુરતમાં રત્નસાગરજી જૈન બોર્ડિંગની સ્થાપના કરી. વલસાડમાં શાળા અને પારડીમાં લાયબ્રેરી શરૂ કરાવી, તેમજ વિજાપુર અને પ્રાંતીજમાં હરિજન બાળકો માટે શાળાઓ શરૂ કરાવી.

દક્ષિણ ગુજરાતના દલિત વર્ગનો ઉદ્ધાર કરવા શ્રીમદ્જીએ ખૂબ પ્રયત્ન કર્યો. થાણા જિલ્લાના કોંકણી મચ્છીમારોને જીવદયાની પ્રેરણા કરી. અમદાવાદના મિલમજૂરોને કરકસર, પવિત્ર જીવન અને શરાબબંધી જેવા કાર્યોમાં પ્રેર્યા. નાલા સોપારાના માછીમારોને પર્યુષણના આઠ દિવસ પાપનો ધંધો ત્યજવા સમજાવ્યા. આમ કુસંપ હોય ત્યાં સંપ ને ભેદ હોય ત્યાં ભાવ કરાવવાની પ્રવૃત્તિ કરનારા બુદ્ધિસાગરજી સાણંદમાં જૈનો અને મુસ્લિમો વચ્ચેના વૈમનસ્યને દૂર કરવા ખુદ મસ્જિદમાં ગયા હતા અને બંને પક્ષે સમાધાન કરાવ્યું.

કારતકી પૂર્ણિમાને દિવસે અમદાવાદમાં દરેક ઉપાશ્રયના સાધુઓ અલગ અલગ પોતાના સમુદાય અને ભકતગણ સાથે 'પટદર્શન' માટે જમાલપુર જતા હતા. સાધુ સંગઠનના મજબુત હિમાયતી બુદ્ધિ સાગરજી અમદાવાદમાં ચાતુર્માસ હતા ત્યારે તેમના પ્રયત્નોથી અનેક સાધુ ભગવંતો બહોળા ભક્તગણ સાથે સંયુકત રીતે દર્શન-વંદન કરવા ગયા. સં. ૧૯૬૭માં સર્વ સંઘાડાના સાધુઓના ઐકય માટે સુરતમાં સાધુમંડળની તેઓએ સ્થાપના કરી પણ તે વિકાસ પામે તે પહેલાં જ બંધ પડી ગયું.

જૈન શ્વેતાંબર કોન્ફરન્સના અધિજનક શ્રીયુત ગુલાબચંદજી ઢઢાની સાથે કોન્ફરન્સ સંબંધી ખૂબ ચર્ચા કરી અને અલ્પ ખર્ચે વિવેકથી કોન્ફરન્સ ભરવા માટે ઘણા યોગ્ય સૂચનો કરનાર શ્રીમદ્જીએ અગાસી તીર્થમાં શ્રી મુનિસુવ્રતસ્વામીના જિર્ણોદ્ધાર થયેલા જિનાયલમાં પ્રતિષ્ઠા કરાવી હતી.

પૂજ્યપાદશ્રી હમેશા કહેતા કે, મહાવીરની શ્રમણ સંસ્થાનો કોઇ પણ મુનિ પછી વિમળહોય, વિજય હોય કે સાગર હોય- સમાન શ્રદ્ધા અને આદરને પાત્ર છે. કોઈ પણ બહાને, કોઇ પણ ક્ષતિથી સમાજના- ધર્મના ટુકડા કરવા માગતા હોય તો અનાદરને પાત્ર છે. જૈનોના ફિરકાઓ વચ્ચે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આજના હિંદુ–મુસ્લિમ જેવા ભેદભાવોથી તેઓ ખૂબ જ વ્યથિત હતા, તેઓ કહેતા: 'ભાઈ, પચ્ચીસસો વર્ષના આપણા સંયુક્ત કુટુંબમાં મઝિયારાં તો ત્રણસો વર્ષથી વહેંચ્યા છે. બાવીસસો વર્ષનો સંબંધ વધે કે ત્રણસો વર્ષનો? બાપ તો એક જ છે ને? તત્ત્વ તો એક જ છે ને?

જ્ઞાન અને ધ્યાનને વિરાટ સ્વરૂપે વિકસાવનાર શ્રીમદ્જીએ પોતાની ત્રણ દિવસની ગાઢ સાધના દ્વારા વેદિકામાંથી પ્રગટ થયેલા વીર પુરુષના જેવી જ મૂર્તિ બનાવરાવી વિ.સં. ૧૯૮૦ના માગસર સુદ બીજના દિવસે પ્રતિષ્ઠા કરી. એ વીર પુરુષ એટલે શ્રી અરિહંત પરમાત્માના પરમ ઉપાસક, શાસનરક્ષક યક્ષરાજ શ્રી ઘંટાકર્ણ મહાવીર. આ પ્રતિષ્ઠા થવાથી આસપાસના પ્રદેશના લોકોના વહેમના જાળાઓ ભેદાઇ ગયા.

ભૂત, પ્રેત અને પીરના વહેમમાં ડૂબેલી પ્રજાને નવું બળ મળ્યું. સૌને દૈવી સહારો મળ્યો. આ સહારો આત્માની તાકાત ખીલવનારો બને એ જ તો શ્રીમદ્જીનો હેતુ હતો. આજે તો મહુડી હાજરાહજુર દેવશ્રી ઘંટાકર્ણવીરનું ચમત્કારિક તીર્થ બન્યું છે,

વિ.સં. ૧૯૮૧માં ફાગણ માસમાં વિજાપુરમાં જ્યાં પોતાના ગુરુની ગુરુપાદુકા હતી એ જમીનનો ઉત્તર ભાગ તેઓએ ખરીદાવી લીધો. શ્રાવકોના પ્રશ્નના ઉત્તરમાં તેઓએ માત્ર એટલું જ કહ્યું કે, "ભાઇ, જમીન હોય તો સારી ક્યારેક કામ આવે."

યોગીરાજને પોતાની અંતિમ યાત્રાની જાણ થઈ ચૂકી હતી. તેઓએ પોતાનો અંતકાળ સૌને પહેલેથી જ જણાવી દીધો હતો. તે મુજબ જ સં. ૧૯૮૧ના જેઠ વદ ત્રીજને મંગળવારે વિજાપુરમાં સંસાર સરોવરનું એક રમણીય કમળ અનંતમાં વિલિન થઈ ગયું. ખળખળ વહેતા ગંગા–પ્રવાહ જેવી મધુરતા–શીતલતા પૂજ્યશ્રીની પ્રકૃતિમાં, આકૃતિમાં અને કૃતિમાં જોવા મળતી હતી. નમસ્કાર અને મૈત્રીની ઉત્કટ સાધના વડે અનેક ભવ્યાત્માઓને માર્ગાભિમુખ બનાવી ગયા. ખરેખર પંચમ આરામાં જન્મેલા હોવા છતાં ચોથા આરાના મહાપુરુષ જેવું જીવન જીવી ગયા. આ મહાપુરુષની જીવન-કૃતિ હજારો વર્ષો સુધી ઇતિહાસના પાને અંકિત રહે છે. આજે ૬૪માં સ્વર્ગારોહણ દિને મૃત્યુંજયી બનીને વિદાય લેનાર સૂરીદેવને ભાવ ભરી વંદનાવલિ???

શ્રીમદ્જીની જ આકૃતિને તાદૃશ્ય કરાવતા હોય તેમ તેમના જ પ્રશિષ્ય તેમની ત્રીજી પાટને શોભાયમાન કરતા વર્તમાન ગચ્છાધિપતિ આચાર્ય પ્રવર શ્રીમદ્ સુબોધસૂરીશ્વરજીએ પોતાના ગુરૂદેવનું ગુરૂઋણ અદા કરવા શ્રીમદ્જીના અમૂલ્ય ગ્રંથોને પ્રકાશિત કરવાનું ભગીરથ કાર્ય ઉપાડી લીધુ છે એટલું જ નહિ પરંતુ શ્રીમદ્જીનું અંતિમ સંસ્કારરૂપ સ્મારક લાખો રૂપિયાનો સદ્વ્યય કરી નવપલ્લિત કર્યું છે. જે હિંદુસ્તાનભરમાં ગૌરવરૂપ અજોડતીર્થ બની ચૂક્યું છે.

ટાઇમ્સ ઓફ ઇન્ડીયા (ગુજરાતી)ના સૌજન્યથી

## આવતો અંક

હવે પછીનો અંક તા. ૧૬–૧૦–૮૯ના રોજ બહાર પડશે તેની વાંચકોએ નોંધ લેવા વિનંતી છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સુસ્વાગતમ્ શ્રી પર્યુષણ પર્વ

સંકલન :- શ્રી હીરાલાલ બી. શાહ

જૈન ધર્મના પ્રણેતા તીર્થંકર પરમાત્મા છે. શ્રી તીર્થંકર પરમાત્મા ગૃહસ્થ જીવનમાં પણ ધીર, વીર અને ગંભીર હોય છે વિનયી, વિવેકી અને વૈરાગ્યશાલી હોય છે. ઔચિત્ય, ઔદાર્ય અને ઓજસના ભંડાર હોય છે. સંસારના મહાન વૈભવોને તિલાંજલી આપી સંયમ પંથે વિચરે છે. એક માત્ર કર્મક્ષયનું લક્ષ્ય રાખી, કઠોર વ્રતપાલન, તીવ્ર તપસ્યા, તેજસ્વી ત્યાગ, પ્રબળ પરિસહ પર વિજય, ઘોર ઉપસર્ગનું સમભાવે વેદન. અહર્નિશ આત્મ જાગૃતિ અને નિરંતર ધારાબદ્ધ ધ્યાન આચરે છે. સાધનાને અંતે જ્ઞાનાવરણીય આદિ ચાર ઘનઘાતી કર્મને આત્મા પરથી દૂર કરી વીતરાગ સર્વજ્ઞ બને છે. પૂર્વે ઉપાર્જેલ તીર્થંકરપણાનું પુણ્ય ઉદયમાં આવે છે. એના યોગે એમની સેવામાં આઠ પ્રાતિહાર્ય હાજર રહે છે. તે આ પ્રમાણે છે. રત્નમય સિંહાસન, વીંઝાતા ચામર, છત્ર, ભામંડલ, દુન્દુભિ, દિવ્યધ્વનિ, પુષ્પવૃષ્ટિ અને અશોકવૃક્ષ, આ ઉપરાંત ચાર મુખ્ય અતિશય છે. (૧) જ્ઞાનાતિશય:- સમસ્ત ચરાચર પદાર્થોના ભૂત-ભવિષ્ય-વર્તમાનના સર્વ ભાવો જાણે છે. (૨) વચનાતિશય :- દેવ, મનુષ્ય અને તિર્યંચ સર્વેને સમજાય એવી અને એકી સાથે હજારો સંદેહને દૂર કરતી, સંવેગ વૈરાગ્ય નીતરતી, પાંત્રીસ અતિશયવાળી તત્ત્વ-વાણી પ્રકાશે છે. જે અમૃત કરતાંય અધિકી મીઠી હોય છે. (૩) પૂજાતિશય :- નરેન્દ્રો અને દેવેન્દ્રોથી પૂજાય છે. દેશનાભૂમિ માટે દેવો સમવસરણ રચે છે. જેમાં રજત, સુવર્ણ અને રત્નના ત્રણ ગઢ ઉપર, દેવ મનુષ્યોની બાર પર્ષદાની વચમાં રત્નમય સિંહાસન ઉપર બેસીને શ્રી તીર્થંકર પરમાત્મા ધર્મોપદેશ આપે છે. (૪) અપાયાપગમાતિશય :- શ્રી તીર્થંકર પરમાત્માની આસપાસના સવાસો યોજન જેટલા ક્ષેત્રમાંથી જનતાના મારી, મરકી વગેરે ઉપદ્રવોરૂપી અપાયો દૂર થઈ જાય છે. તેમજ પોતાના રાગદ્વેષાદિ અપાયો દૂર થયેલા છે,

મહાન તીર્થંકર પરમાત્મા સમગ્ર જીવ સૃષ્ટિનુ કલ્યાણ કરવાના પોતાના મહામૂલા સ્વપ્નને મૂર્ત બનાવવાની પ્રક્રિયા પ્રારંભી દે છે. પરમ કરૂણાથી પ્રેરાયેલા તીર્થંકર પરમાત્મા પોતાની હયાતી કાળમાં તો અસંખ્ય પ્રાણીઓનો ઉદ્ધાર કરે જ છે. પણ તેઓને એટલાથી સંતોષ નથી હોતો, એટલે પોતાના નિર્વાણ પછી પણ પ્રાણી કલ્યાણનું પુણ્યકાર્ય ચાલુ રહે એવા આશયથી કેટલીક વિશિષ્ટ ધર્મયોજનાંઓનુ આયોજન કરે છે. એ યોજનાઓ એટલે જૈન ધર્મમાં નિરૂપાયેલી વિશિષ્ટ ધર્મારાધનાઓ છે. જેને એનો લાભ લેતાં આવડે, તેનું કલ્યાણ થાય છે. આવી અનેક યોજનાઓ પૈકી એક વિશિષ્ટ યોજના તે "પર્યુષણ પર્વ છે." તે પર્વ સૌના કલ્યાણ ખાતર જ છે. જે વ્યક્તિ પોતાના મનની મલિન વૃત્તિઓને દૂર કરે છે અને શુભવૃત્તિઓને વિકસાવે છે તે વ્યક્તિ પર્યુષણ પર્વની સાચી ઉપાસના કરી શકે છે

"પર્યુષણ" એટલે પોતાના આત્મ સ્વરૂપમાં સારી રીતે સ્થિર થવું. જે દિવસોમાં આપણે આપણા આત્મ સ્વરૂપમાં રમવાનું યાને સ્થિર થવાનું શીખીએ છીએ તે દિવસોનું નામ 'પર્યુષણપર્વ' છે. પર્યુષણ પર્વ દરમ્યાન આપણે બહારની આળપંપાળ અને મોહ-માયાના બંધનોમાંથી આપણાં આત્માને મુક્ત કરવાનો છે અને આપણે આત્મ સ્વરૂપમાં સ્થિર થવાનું છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જેના જીવનમાં અહંકાર, સ્વાર્થ, પ્રપંચ, ઇર્ષ્યા, લોભ, કલેશ, કંકાસ, કુસંપ, અનીતિ જેવા તત્ત્વો ન હોય, અથવા જે આ તત્ત્વોને પોતાના જીવનમાંથી નાબૂદ કરવા આતુર હોય તેઓને માટે આ પર્વ મહાન ઉપકારી છે.

પર્યુષણ મહાપર્વની પધરામણી થવાની છે, આપણે તેમનું સુસ્વાગતમ્ કરવાનું છે. પાપવૃત્તિઓને પોષવાની તમામ પ્રવૃત્તિઓને છોડી દેવાની છે. તપશ્ચર્યાની અને સંયમની પ્રવૃત્તિ કરવાની છે. પાપ–વૃત્તિઓનું શમન કરવાનો આપણો નિર્ણય જ 'પર્યુષણ પર્વ' નું સાચું સ્વાગત છે.

પર્યુષણ પર્વનો સાધનાનો પરિપાક 'મિચ્છામિ દુક્કડં' છે.

મિચ્છામિ દુક્કડં એટલે મારી ભૂલ થઈ ગઇ.

મિચ્છામિ દુક્કડં એટલે મને ક્ષમા કરો.

મિચ્છામિ દુક્કડં એટલે ફરી ક્યારેય ભૂલ નહિ કરૂં.

ક્ષમા એ વીરનું ભૂષણ ગણાય છે અને મિચ્છામિ દુક્કડં એ વીર બોલી છે.

જાણ્યે–અજાણ્યે, ઇચ્છાએ કે અનિચ્છાએ, ઇરાદાપૂર્વક કે વગર વિચાર્યે, બીજાઓનું અશુભ બોલ્યા હોઈએ, વિચાર્યું હોય કે આચર્યું હોય, મન વચન અને કાયાથી દુઃખ દીધું હોય તો તેને લીધે અંતરતલમાં જામી ગયેલ ઇર્ષ્યા, દ્વેષ, રીસ અને ઉદ્વેગના કચરાને ઉલેચી ઉલેચીને બહાર ફેંકવાનો છે, હૈયાની પુરેપુરી સફાઇ કરવાની છે. હૈયામાં વગર પરવાનગીએ, ગેરકાયદેસર, જામી પડેલી આ કચરાની વસાહતોને જડમૂળથી નાબૂદ કરવાની છે. હૈયામાં ક્ષમા, મૈત્રી, પ્રસન્નતા અને સમતાના ગુણોનું ઉપવન રચવાનું છે. સાચુકલા હૈયામાંથી બોલેલા મિચ્છામિ દુક્કડં આ તમામ કાર્યવાહી એકલે હાથે કરી છૂટવાનું સામર્થ્ય ધરાવે છે.

આપણે બધા પર્યુષણ પર્વનું સુસ્વાગતમ્ કરીને આ અણદીઠ સામર્થ્યનો સાચો ઉપયોગ કરીએ અને આપણા જીવનને ક્ષમા, મૈત્રી અને સમતાના ગુણોથી ભર્યું ભર્યું બનાવી દઈએ. — જય જિનેન્દ્ર

---

ભોજ રાજાની એક વાત કહેવાય છે. પોતાના રાણીવાસમાં સવારના સમયે ભોજ રાજા એક સમયે ગયા. પટરાણી કોઇ સાથે અંગત વાત કરતાં હશે ત્યાં અચાનક જઇ ચડવાનું થતાં તેઓની ચાલુ વાતમાં વિક્ષેપ પડયો અને પટરાણીએ ઉચ્ચાર્યું : "કેવો મૂર્ખ !"

ભોજ રાજા બોલ્યા ચાલ્યા વિના પાછા ફર્યા અને વિચારમાં પડયા કે, રાણીએ મને મૂર્ખ કેમ કહ્યા ? સભામાં આવી આસન ઉપર બિરાજ્યા અને જેમ જેમ દરબારીએ અને પંડિતો આવતા ગયા અને પ્રણામ કરતા ગયા તેમ તેમ તેમને 'કેવો મૂર્ખ' એમ કહેતા ગયા. દરેક દરબારી અને પંડિત પોતાની કંઈ ભૂલ થઈ હશે અને તેથી પોતાને મૂર્ખ કહ્યો હશે તેમ માની પોતાનું આસન લેતા ગયા.

કાલિદાસ સભામાં આવ્યા અને ભોજ રાજાને પ્રણામ કર્યા. તરત જ ભોજરાજાએ કાલિદાસને 'કેવો મૂર્ખ' એમ કહ્યું, કાલિદાસે વળતો પ્રશ્ન પૂછયો :

खादन् न गच्छामि हसन्न जल्पे, गतं न शोचामि कृतं न मन्ये ।
द्वाभ्यां तृतीयो न भवामि राजन्, किं कारणं भोज भवामि मूर्खः ॥

'હે ભોજ રાજા, હું ખાતાં ખાતાં ચાલતો નથી, હસતાં હસતાં બોલતો નથી, થઈ ગયેલી બાબતને યાદ કરી શોક કરતો નથી, બીજા ઉપર કરેલા ઉપકારને મન પર લેતો નથી, અને બે જણા વાત કરતા હોય ત્યાં ત્રીજો બન્નેની વચ્ચે પડતો નથી. તો પછી કયા કારણસર હું મુર્ખ ગણાઉં છું ?"

કાલિદાસની ચતુરાઈમાં પોતાને રાણીએ મૂર્ખ કહ્યાનું કારણ ભોજ રાજાને તરત સમજાઇ ગયું !

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ઉદાસીનભાવ

લેખક : શ્રી રતિલાલ માણેકચંદ શાહ-નડીયાદ

પ્રત્યેક જીવોના જીવનમાં સાતા-અસાતા વેદનીય કર્મોનો ઉદય આવે છે. તે ઉદય ક્યારેક તીવ્રપણે તો ક્યારેક મંદપણે હોય છે, સાતાથી સુખનું વેદન તથા અસાતાથી દુઃખનું વેદન થાય છે. તીવ્ર સાતાના ઉદયે સાંસારિક સુખના શ્રેષ્ઠ સાધનો આવી મળે છે, ત્યારે તે સુખને પચાવવું કઠણ થઇ પડે છે. જેથી સર્વ-મદ-પ્રતિષ્ઠા-મોહ તૃષ્ણાદિ અનેક દોષો આવિષ્કાર પામે છે જેથી જીવ તેનાથી પછડાય છે,

મુમુક્ષુ જીવને તેવા દોષો થોડા પ્રમાણમાં હોય તે શક્ય છે. છતાં દોષથી સંપૂર્ણ નિવૃત્તિ હોતી નથી. માટે નિવૃત્તિ લાવવા માટે સત્ પુરુષોના ચરિત્રોને યાદ કરવા આવશ્યક ગણાય. દોષભાવો અંતરમાં આવિર્ભાવ પામતાં જ ભાવિ તીર્થંકર ભગવંતોની બાહ્ય રિદ્ધિ, વૈભવાદિ વિશેષ પ્રમાણમાં હોવા છતાં, તેમજ સર્વ શક્તિમાન હોવા છતાં તેઓ કેવા મનોવિજયી, શાંત, ગંભીર અને ઉદાસીન હતા, કેવા સ્વસ્થ અને સમપરિણામી હતા, આત્માની કેવી અદ્દભૂત, શાંત, વિતરાગ દશા હતી, તેને સર્વ પ્રકારે અપક્ષપાત બુદ્ધિએ વિચારવાથી મુમુક્ષુ અને સાધનામાં ઉત્સુક મોક્ષાભિલાષી શાંત ભાવો તેનું મનન કરે છે અથવા કોઈ સમ્યક્દૃષ્ટિ ચક્રવતીંનું જીવન યાદ કરી તેમને વિપુલ પ્રમાણમાં રિદ્ધિ-સિદ્ધિ હોવા છતાં અને છખંડનું સ્વામીતવપણું હોવા છતાં તેમજ ચૌદરત્નો તેમની સેવામાં ઉપસ્થિત હોવા છતાં તેઓ કેવા આશ્ચર્યકારક અલિપ્તતાથી રહેતા હતા, ગર્વ કે ગારવ અંશે પણ તેમની પાસે આવી શકતા ન હતા, એ આદિ પ્રકારના સ્મરણથી જિજ્ઞાસુ આત્માથીં જીવ બોધ લઈ બળ પ્રાપ્ત કરી સમપરિણામે રહેવાનું શક્ય બનાવે છે. આ રીતે પુણ્યના ઉદયમાં સુખ પ્રાપ્તિના સમયે આત્મસ્થિરતાને આત્મ શાંતિ જાળવવા સત્પુરૂષ તથા જ્ઞાની પુરૂષનાં ચરિત્રો ઉપકારી થાય છે અને ઉદાસીનતાના ક્રમમાં વિકાસ સાધી શકાય છે.

અને અસાતાના તીવ્ર ઉદયે, દૈહિક વેદના, વિયોગાદિ વખતે માનસિક વ્યથા, સ્વજનાદિનાં મરણ પ્રસંગોએ ઉત્પન્ન થતો અકથ્ય ખેદ એ આદિ પરિસ્થિતિ હોય ત્યારે ચિત્ત સ્થિર રહેવું કે દુઃખને સમ્યક્ પ્રકાર વેદવું અતિકઠણ છે મુમુક્ષુ આત્માને પણ તેવી આકરી કસોટીના પ્રસંગોએ આત્માને સ્વચ્છ રાખવો મુશ્કેલ બને છે. પરંતુ તેવી પરિસ્થિતિ ઉપસ્થિત થાય ત્યારે ધીરજ, સમતા, ક્ષમા, અને વેદના સહન કરવાની શકિત પ્રાદુર્ભૂત કરવા માટે, તે સત્ પુરૂષોના ચરિત્રોનું સ્મરણ કરે છે અને તે સ્મરણ બળનું દાન કરી અનુપમ લાભ અને હિતનું કાર્ય સુલભપણે કરાવે છે. આત્મા વીર્યબળ પ્રગટાવતો જઈ નિજગુણોનો અંશે અંશે ઉઘાડ કરતો જાય છે. આવું અદ્ભુત કાર્ય આવા સ્મરણ થકી સહજ થાય છે અને તે અર્થે જ આ કહેવામાં આવ્યું છે જે નીચે આપેલ દૃષ્ટાંતોથી સમજી શકાય તેમ છે,

ત્રેવીસમાં તીર્થંકર શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચાર જ્ઞાનના ધર્તા છે. અનેક આશ્ચર્યકારક લબ્ધિ અને સિદ્ધિઓના સ્વામી છે. શુદ્ધ આત્મ સ્વભાવ પૂર્ણતાઓ પ્રગટાવવાના કામી છે. તેવામાં પૂર્વ જન્મોનાં વેરી કમઠના જીવ (જે દેવ ગતિમાં છે)ના અંતરમાં પૂર્વનું વૈર સાંભળી આવતા ઉલ્લસે છે, વેરથી અનેકાનેક પ્રકારના ભય ઉપજાવનાર અને પ્રાણહાનિ થાય તેવા ઉપસર્ગો કરે છે, પ્રભુ કેવળ સમભાવે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સ્થિર છે, તે નિરખી આખરે જળની વૃષ્ટિને ખૂબ ગાજવીજના ભયંકર કડાકા સાથે ભયાનક વરસાદ વરસાવે છે, પાણીની સપાટી અધ્ધર ને અધ્ધર ચડતી ઠેઠ પ્રભુના ખભા સુધી પહોંચે છે, તે છતાં પ્રભુ તો સ્થિર અને અડોલ છે. તેમને ભય નથી; ખેદ નથી, ક્રોધ નથી, દ્વેષ નથી તેમજ કોઇ અન્ય ભાવ નથી, તેઓના આત્મામાં આભાવો રમી રહ્યા છે :– 'સર્વથી સર્વ પ્રકારે હું ભિન્ન છું', એક કેવળ શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ, પરમોત્કૃષ્ટ, અચિંત્ય સુખસ્વરૂપ માત્ર એકાંત શુદ્ધ અનુભવરૂપ હું છું ત્યાં વિક્ષેપ શો? વિકલ્પ શો? ભય શો' ખેદ શો? બીજી અવસ્થા શી? હું માત્ર નિર્વિકલ્પ શુદ્ધ શુદ્ધ, પ્રકૃષ્ટ શુદ્ધ, પરમશાંત, ચૈતન્ય છું. હું માત્ર નિર્વિકલ્પ છું, નિજ સ્વરૂપમય ઉપયોગ કરૂં છું, તન્મય થાઉં છું.

તેવામાં ધરણેન્દ્ર દેવનું આસન ચળે છે અને ઉપયોગ મૂકી જોતાં પૂર્વનાં પોતાના રક્ષણ દાતા અને સન્માર્ગ બતાવનાર એવા પરમ ઉપકારી પ્રભુને ઉપસર્ગ થાય છે તે નિહાળે છે. વિના વિલંબે ઉપકારનો બદલો વાળવાના ઉદ્દેશથી ઉપસર્ગ દૂર કરવા એક વિરાટકાય સર્પના પૃષ્ઠ ભાગના ઘુંચડાથી પ્રભુનું આસન કરે છે અને વિશાળ સપ્ત ફણાની છત્રી બનાવી પ્રભુનું રક્ષણ કરે છે. પાણીની સપાટી ઊંચે ચડે છે, તેમ તેમ આસન પણ અધ્ધર થતું જાય છે, ત્યારે કમઠનો જીવ થાકે છે અને તેની તાકાત તૂટે છે, ત્યાંજ પ્રભુને કેવળજ્ઞાન પ્રગટે છે અને બધું શાંત થાય છે. આ ઘોર જીવલેણ અત્યંત વિષમ ઉપસર્ગોના સમયે પ્રભુ કેવા નિરેગી અને નિર્વિકારી હતા! કેવી પરમ શાંત અને સમ આત્મદશા હતી! એ વેળાએ નહોતો પ્રભુને ઉપસર્ગકર્તા પ્રત્યે કિંચિત દ્વૈષ કે રક્ષણકર્તા પ્રત્યે કિંચિત રાગ. તેઓ કેવળ સમતાભાવમાં હતા. સમાધિમાં સ્થિત હતા. અને શુદ્ધોપયોગની સુધારસધારામાં તરબોળ હતા. "પાર્શ્વનાથ સ્વામીનું ધ્યાન યોગીઓએ અવશ્ય સ્મરવું જોઇએ.

ભયંકર ઉપસર્ગોનું બીજું દૃષ્ટાંત ચોવીસમા તીર્થંકર શ્રી મહાવીર સ્વામીનું સુપ્રસિદ્ધ છે. સૌથી મોટો ઉપસર્ગ તેમના પૂર્વભવના મહાવૈરી સંગમ દેવતા થકી થયો હતો, ઉપસર્ગના ભિન્ન–ભિન્ન પ્રકારો અકથ્ય કષ્ટ આપનાર, પીડા અને ભય ઉપજાવનાર, સામાન્ય જીવના છાતીના પાટીયાં તત્કાળ બેસી જઈ પ્રાણઘાત કરે તેવા દુષ્ટ અને ઘાતકી હતા. છતાં જીવલેણ ઉપસર્ગોની સ્થિતિ વેળાયે પ્રભુની કેવી અદ્‌ભુત સૌમ્યતા હતી! કેવી વિસ્મયકારક ક્ષમા હતી! પરમ વૈરાગ્યની કેવી પ્રભાવિત ઉજ્વળતા હતી! પરમ આશ્ચર્યકારક ઉદાસીનતાની કેવી ઉત્તમ સ્ફુરણા હતી! કેવી ઉત્કૃષ્ટ નિર્ભયતા હતી! નિર્લોભતાની પરમ નિર્મળ અમૃતધારા કેવી સુગમપણે અને સહજતાએ પ્રવર્તી હતી! પ્રભુના પ્રભુત્વથી આત્માનું અસંગપણું સર્વોત્કૃષ્ટતાએ કેવું દેદીપ્યમાન હતું! એવા સર્વ પ્રકારના સ્મરણથી મુમુક્ષુના અંતરમાં પ્રેરણાબળ, ઇચ્છાબળ અને નિશ્ચયબળનું આવવું સુગમ થાય છે.

એવું અનુપમ ત્રીજું દૃષ્ટાંત શ્રીકૃષ્ણ ભગવાનના નાના ભાઈ મહાયોગીશ્વર, અંતરકૃત કેવળી શ્રી ગજસુકુમારનું અતિપ્રસિદ્ધ છે તે સંક્ષેપમાં જોઇએ.

શ્રી ગજસુકુમાર વયમાં નાના, મનોહરરૂપવાળા અને સુવિવેકી હતા. બાળ અવસ્થા હતી, સગાઈ થઈ ચૂકી હતી, તે દરમ્યાન શ્રી નેમનાથ તીર્થંકર પ્રભુના સમવસરણમાં પ્રભુની દેશના સાંભળી વૈરાગ્ય આવતાં પ્રભુની પાસે દીક્ષા લીધી. આત્મસ્વરૂપની પ્રાપ્તિ માટે જેના અંતરમાં ઉછરંગ સમાતો નથી એવા આત્મવીર્યના કવચથી સુરક્ષિત સુકુમાર પ્રભુને ત્રિનવી શીઘ્રાતિશીઘ્ર મોક્ષ કેમ થાય તેનો ઉપાય પૂછે છે. બાળયોગીની પરમ યોગ્યતા જોઇ પ્રભુજી ઉપાય બતાવે છે કે, જે પરમ વિષમ નિમિત્તો વચ્ચે પણ સમતા ધારણ કરી નિજ આત્મતત્ત્વમાં ઉપયોગને સબળપણે જોડી રાખે, તો જીવ અતિ અલ્પકાળમાં શિવસુંદરીને વરે છે.

પ્રભુની આજ્ઞા અને આશિર્વાદ મેળવી મુનિવર ગજસુકુમારે સ્મશાનમાં જઇ આરાધના શરૂ કરી, કર્મના ઉદય અનુસાર શ્રી ગજસુકુમારના પૂર્વા-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રમના સસરા સોમિલ પોતાની પુત્રીનું ભવિષ્ય બગડવાથી ક્રોધના અતિરેકમાં જમાઈને શોધતા શોધતા ત્યાં આવી પહોંચ્યા અને ગજસુકુમારના માથા પર માટીની સગડી કરી બળતા અંગારા મૂકયા. મુનિવર પરિસ્થિતિ પામી ગયા અને પરમ સમતા રૂપ, પરમ શીતળ જળથી આત્માને ન્હવડાવવા લાગ્યા, ક્ષમા રૂપી નીરથી પવિત્ર અને શુદ્ધ બન્યા તથા પરમ ઉદાસીનતાથી ચરમોત્કર્ષ શ્રેણિ પર આરૂઢ થયા અને ત્યાર બાદ આત્માની પરમ શીતળ અમૃતધારા વરસાવી, ઉપયોગને સ્વભાવમાં સ્થિર કરી, ક્ષપક શ્રેણિ માંડી બે ઘડીમાં કેવળી થયા, છેલ્લું અયોગી ગુણસ્થાનક પૂર્ણ કરી, પરમ શુદ્ધ થઇ સ્થિર થયા.

મુનિવરના અંતરમાં ન હતો ભય કે ક્રોધ, નહોતો વૈર કે વેદનાનો ભાવ. એ ભગવંત તો કેવળ સમતારસના યોગી અને આત્મરસના ભોગી હતા.

પવિત્ર પુરુષોના આવા અદ્ભુત ચરિત્રોનું સ્મરણ કરવાથી મુમુક્ષુજનોને દુ:ખના સમયે સમભાવે રહેવા માટે પ્રેરણાબળ મળે છે અને ઉદાસીનતાના ક્રમ પર આગળ અને આગળ ડગ ભરવાનું બની શકે છે.

( 'નિર્વાણમાર્ગનું રહસ્ય'માંથી થોડા ફેરફાર સાથે)

# સ્વભાવનો પ્રતાપ

એક દિવસ વીંછીએ કરચલાને કહ્યુ : "ભાઇ, ઘણા દિવસથી જલવિહારની ઇચ્છા થઇ છે" કરચલાએ પોતાના પ્રિય મિત્રની ઇચ્છાનો સ્વીકાર કરતાં કહ્યું : "ભાઈ જલવિહાર તો કરાવીશ, પણ તારા ડંખને કાબૂમાં રાખજે, નહિ તો આપણે બંને ડૂબી જઇશું. વીંછી હસ્યો : 'અરે, તને ડંખીને શું હું મારા મૃત્યુને આમંત્રણ આપીશ ? ત્યારબાદ કરચલાએ વીંછીને પોતાની પીઠ પર બેસાડી જલયાત્રા શરૂ કરી. વીંછીના તો આનંદોલ્લાસની સીમા જ ન હતી. આનંદના એ અતિરેકમાં તેણે પોતાની પૂંછડી ઊઠાવી અને કરચલાને ડંખ મારી દીધો. મરતાં મરતાં કરચલાએ પૂછયું કે, તેં કેમ ડંખ માર્યો ? ત્યારે વીંછીએ કહ્યું : "ભાઇ, સ્વભાવ પર વિજય મેળવવો બહુ કઠિન છે, મૃત્યુનો ભય પણ વ્યક્તિને પોતાના સ્વભાવથી વિરક્ત કરી શકતો નથી. સુર નર, મુનિવર સઘળાં આ સ્વભાવના પ્રતાપ આગળ હારી ગયા છે. ધન્ય છે એમને જેઓ સ્વભાવને અંકુશમાં રાખવા પ્રયત્ન કરે છે.

# સ્વર્ગવાસ નોંધ

શ્રી પ્રેમચંદભાઈ માધવજી શાહ ( ઉ. વર્ષ ૮૫ ) તા. ૧૮-૭-૮૯ને મંગળવારના રોજ ભાવનગર મુકામે સ્વર્ગવાસી થયેલ છે. તેઓશ્રી આ સભાના આજીવન સભ્ય હતા. ધાર્મિક વૃત્તિવાળા અને મિલનસાર સ્વભાવના હતા. તેમના કુટુંબીજનો પર આવી પડેલ દુ:ખમાં અમો સમવેદના પ્રગટ કરીએ છીએ. તેઓશ્રીના આત્માને પરમ શાંતિ મળે તેવી પ્રભુ પાસે પ્રાર્થના કરીએ છીએ.

લી. શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અહિંસા-ધર્મ :

લે. અમરચંદ માવજી શાહ–બીજાપુર

**ધરમ ધરમ, કરતો, જગ સહુ ફરે**
**પણ ધર્મનો જાણે ન મર્મ જિનેશ્વર**

જગતમાં ધર્મના નામે કેટલો બધો વિસંવાદ ચાલે છે, સાદો ને સીધો ધર્મ, તેને નયવાદના એકેક નયને પકડી સૌ પોતપોતાની ધૂન મુજબ ધર્મનો મર્મ સમજ્યા વિના જુદા જુદા ચોકડા કરી અજ્ઞાન ભકતોનો સમૂહ વધારી જાણે પોત-પોતાની પેઢીઓ ધર્મના નામે ચલાવી રહ્યા છે. વાદવિવાદ, કલેશ, ઈર્ષા, તેજોવધ કરી માનવજીવનને વેડફી રહ્યા છે. સ્વાર્થ અહંભાવ પોષવા અનેક કાવાદાવા તથા પ્રપંચો કરી ચમત્કારિક વાતો વહેતી કરી, સર્વોપરિતા પ્રાપ્ત કરવા મથી રહ્યા છે

**એક અહિંસા** આવતા, અઢારે પ પો જતા આખા વિશ્વમાં જો એકમાત્ર ધર્મ અહિંસાની પ્રતિષ્ઠા કરવામાં આવે, ચૈતન્ય અને જડ વસ્તુ ધર્મનું ભેદજ્ઞાન આપવામાં આવે અને કોઇ પણ જીવને દુઃખ ત્રાસ વધ–બંધન છેદ ન કરવામાં આવે. સૌ પોતે જીવે અને સૌને જીવાડવામાં પોતે સહાયભૂત થાય, સૌને પ્રેમથી ચાહે, શાંતિથી જીવે ને જીવાડે સૌ આનંદમાં જીવન ગુજારે, તેવી ભવ્ય ભાવનાઓ એમ વિશ્વ ધર્મ ગણાવો જોઈએ. આ ધર્મને કેન્દ્રમાં રાખી સૌ પોતપોતાના સપ્રંદાયમાં, પોતાના મંદિરમાં સૌ ભળે, પોતાની માન્યતા મુજબ ધર્મ ક્રિયા કરે, પણ તે નિર્દોષ હોવી જોઇએ. કોઈને દુઃખ ન થાય કોઇ જીવની હિંસા ન થાય, વહેમથી, રાગથી દ્વેષથી, મોહથી કોઇ જીવને આપણા મન, વચન, કાયાના યોગથી સંતાપ ન થાય તેવો ધર્મ વિશ્વમાં પ્રસરે તો, આ બધી લડાઇઓ, ખુના મરકીઓ, ત્રાસવાદ બધું બંધ થઈ જાય તો માનવતા પ્રગટી જાય.

અહિંસા પરમો ધર્મ જો, જગમાં પ્રસરી જાય,
વહેતી નદીઓ રકતની, નાબુદ નક્કી થાય.

એક અહિંસા દેવની આરાધનામાં સર્વ સંયમ ધર્મ સમાઈ જાય છે. અહિંસા જ્યારે સંપૂર્ણ થાય તથા પરાકાષ્ઠાએ જીવનમાં વણાય જાય છે ત્યારે આત્મ મુક્તિનો માર્ગ ખુલી જાય છે.

સંયમ, ધર્મ એ અહિંસા જ છે. દશ વૈદકાલીક સૂત્રમાં કહ્યું છે કે, **धम्मो मंगल मुक्किठं अहिंसा संजमो तवो** આ મુક્ષી જ્ઞાનરૂપ ધર્મમાં સર્વધર્મ સમાઇ જાય છે, અત્યારે ધર્મના નામે શું ચાલી રહ્યું છે. કોમ કોમ વચ્ચે, ધર્મ ધર્મ વચ્ચે, જાતિ જાતિ વચ્ચે, દેશ દેશ વચ્ચે લડાઇ ઘર્ષણો અને માનવતાહિન સંહાર ચાલી રહ્યો છે. શસ્ત્રો માનવ સંહારના સર્વનાશના ગંજ ખડકી રહ્યાં છે.

**અહિંસા**–ના છ પ્રકાર છે. પૃથ્વી, જળ, અગ્નિ વાયુ, વનસ્પતિ. આમાં આપણે આપણા જીવનમાં તથા સૌ જીવજંતુ પ્રાણીઓના જીવનમાં તેનો ઉપયોગ રહે છે. પરંતુ તેમાં પણ જીવ હોય છે અને અનિવાર્યપણે આપણે દેહધારી આત્માઓને તેનો ઉપભોગ કરવો પડે છે. પરંતુ તેનો સંયમપૂર્વક ઉપયોગ કરવાથી કર્મનો બંધ ઓછો થાય છે. અનંતકાય જીવોની હિંસાથી બચવું. માંસ મદિરા ભક્ષણ સદંતર ત્યાગ થાય તો જે કરૂણા દયાનો જગતમાં હ્રાસ થયો છે અને મારવું ને મરવું એમાંજ મર્દાઇ માની બેઠા છે. એકેન્દ્રીય સિવાયના ત્રસ જીવો બે ત્રણ ચાર ઇન્દ્રીય પંચેન્દ્રીય જીવોના વધ કરી તેને રીબાવી ક્રુરતાથી કતલ કરી તે દ્વારા પોતાના ઉદરને ભરી એક નાનકડા જીવનમાં પહાડ જેટલું પાપ એકઠું કરી અંતે પોતે મરી જવાનો છે, છતાં આ પાપથી પાછા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વળવાનું સૌ જીવોને જીવવા દેવાનું મળવાનું લક્ષણુ ચૂકી ગયો છે. એટલે જેટલું દેશથી, સર્વથી અહિંસા ધર્મનું આચરણુ કરી જીવોને અભયદાન આપવું, આપણા મન, વચન અને કાયાથી કોઈ જીવને દુ:ખ ન થાય તે રીતે માનવ જીવન જીવવું.

હિંસાથી આત્માને બચાવવો એ આત્મ ધર્મ, અને એજ અહિંસા સંયમના સત્તર પ્રકાર છે. હિંસાથી– અસત્યથી– ચોરીથી કુશળતાથી, પરિગ્રહની મુર્છાથી વિરમવું તે પાંચ વિરતી ધર્મ. તેમાં અવસ્થાનુસાર દેશ વિરતી, સર્વ વિરતીધર્મનું પાલન ચાર કષાય-ક્રોધ–માન–માયા લોભ આ ચાર કષાયોથી જ સંસારનું પરિભ્રમણ છે. તેના બદલે જો ક્ષમાધર્મ, અભિમાન, અહંભાવને બદલે નમ્રતા માયા કપટને બદલે સરળતા અને નિર્લોભતાના સંતોષપૂર્વક જીવન જીવવું. આ ચાર કષાયોથી હિંસા પ્રસરે છે. પાંચ વિષય–પંચેન્દ્રિય દ્વારા શબ્દ રૂપ રસગંધ–સ્પર્શના વિષયોમાં આસક્તિ થવાથી તે ભોગવવા માટે અવિરતી ધર્મનું આચરણુ થાય છે. અને તેમાંથી હિંસાનો દાવાનળ પ્રગટ થાય છે. યોગ ત્રણુ–મન, વચન, કાયાને આ બધાના સંચાલક છે. તેનો સંયમ કરવાથી બીજા બધા પાપો આપમેળે ઓછા થતા જાય છે. સંયમ ધર્મથી અહિંસા ધર્મ પ્રકાશીત થાય છે. આ બધામાં મૂળ કારણુ મિથ્યાત્વ અજ્ઞાન છે. જ્યાં સુધી દેહાત્મબુદ્ધિ હોય, જ્યાં સુધી જગત અને જીવતું જ્ઞાન ન હોય ત્યાં સુધી તેમાં મોહથી, રાગ–દ્વેષથી હિંસાદિ પ્રવૃત્તિમાં જીવન જીવી માનવ જેવો ચિંતામણી રત્નસમાન જેવો નરભવ કંકર માફક વેડફી નાખવામાં આવે છે. કુદરતી રીતે બધું જ જગતમાં ઉત્પાદન લયનું નાટક ચાલ્યા કરે છે. એમા આપણે કુદરત વિરૂદ્ધ, માનવતા વિરૂદ્ધ જીવોને સંહાર કરવાથી જગતમાં હિંસાની હોળી પ્રગટી રહે છે. અહિંસા ધર્મથી જ શાંતિ થશે. માનવ જેવા માનવે રાક્ષસ જેવા ન થવુ. માનવ શક્તિનો સદ્‌ઉપયોગ કરવો.

અહિંસા, અહિંસા, અહિંસા જગાવો, મહાવીરની આજ્ઞાને દિલે વસાવો.

જય અહિંસા ધર્મ.

# સમાલોચના

જિનતત્ત્વ ભાગ ૩

લેખક : શ્રી રમણુલાલ ચી. શાહ

પ્રકાશક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, ૩૮૫ સરદાર વી. પી. રોડ મુંબઈ-૪૦૦૦૦૪

જૈન ધર્મના જુદા જુદા વિષયો ઉપર લખાયેલા આ લેખો સરળ ભાષામાં અને સૌ કોઇ સમજી શકે એવી શૈલીમાં લખાયેલા છે.

વિદ્વાન લેખકની કુશળતા અને વિદ્વત્તાને કારણે લેખો સચોટ અને સુવાચ્ય બન્યા છે.

ગહન વિષયોને પણુ સરળ રીતે રજુ કરવાની લેખકની આવડત પ્રશસ્ય છે.

સૌ ને વાંચવા લાયક છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિશ્વ અહિંસા તરફ પળે !

લેખક : પ્રફુલ્લ જે. સાવલા–મેરાઉ

**मातेव सर्व भूतानांम हिंसा हितकारिणी**

આપણો ભારતદેશ અહિંસા પ્રધાન છે. અહિંસાના કારણે જ વિશ્વના સર્વદેશોમાં ભારત દેશ ગૌરવવંતો છે. અહિંસા અને ત્યાગ એ ભારતીય સંસ્કૃતિના બે મહત્વના આધાર સ્તંભો છે. ત્યાગ અહિંસાના પાયાને મજબૂત કરે છે. હિંસાનો ત્યાગ, વિષય ભોગોનો ત્યાગ, માંસ મંદિરાનો ત્યાગ એ અહિંસા ધર્મના પગ મજબૂત કરે છે. જ્યાં અહિંસા છે ત્યાં જ ધર્મ છે, ત્યાગ છે, તપ છે, ઇશ્વિરશ્રદ્ધા છે. અહિંસા વિના તપ, ત્યાગ, જપ, યોગસાધના, તીર્થયાત્રા બંધુ જ વ્યર્થ છે. અહિંસા અમૃત છે, કારણ કે અહિંસા માનવને અમરતા તરફ લઇ જાય છે. અહિંસા પ્રકાશ છે. કારણ કે મનુષ્યને તિમિર તરફથી તેજ તરફ લઈ જાય છે. અહિંસા પ્રત્યેક જીવને પ્રિય છે કારણ કે કોઇને પણ પોતાની હિંસા ગમતી નથી. વિશ્વનો કોઇ પણ પ્રાણી એમ નથી ઇચ્છતો કે બીજો પ્રાણી મારી હિંસા કરે–મને મારે. તો જેમ હિંસા પોતાને નથી ગમતી તો બીજા પ્રાણીઓને કેમ ગમતી હશે ? સૌ પોતાની જ સલામતી ચાહે છે પરંતુ બીજા અબોલા, નિરાધાર, અસહાય પશુ-પંખીઓની સલામતીનો વિચાર કોણ કરશે ?

જીવ હિંસા તો સકલ પ્રાણીઓને પીડારૂપ છે. માનવી પોતાની સ્વાર્થવૃત્તિ સંતોષવા તેમજ એક નજીવા શોખ ખાતર અસંખ્ય પશુ-પંખીઓની નિર્દયી કતલ કરતાં નથી અચકાતો. પરિણામે દુનિયામાં જીવહિંસા વધવાથી તો આજે ઠેર–ઠેર યુદ્ધો–તોફાનો, કુદરતી આફતો, અકસ્માતો, દુષ્કાળ, અતિવૃષ્ટિ, બિમારીઓ, માનસિક યાતનાઓ વધી પડી છે. નથી રહી આજે મનુષ્યના જીવનમાં શાંતિ, સુખ, સ્વસ્થતા કે સલામતી.

પોતાને નજીવા ભૌતિક સુખો કે વૈભવી વિલાસી જીવન જીવવાની આંધળી દોડ પાછળ પડવાથી તેમજ જ્યારથી માનવી પોતાનું જ સુખ સગવડ જોતો થયો છે ત્યારથી બીજા જીવોની–માનવોની સુખ–સગવડ જોતો બંધ થયો છે–પરિણામે કુદરતના સંચાલનને અસમતુલન બનાવી પાડાના વાંકે પખાલીને ડામ જેવી સ્થિતિ બધા માનવોની કરી નાખી છે. કરે એક અને તેની સજા ભોગવે અનેક.

વિશ્વ ઉપર આવનારી ભયંકર આપત્તિમાંથી માનવજાતને બચાવી લેવી હોય તો વહેલામાં વહેલી તકે માંસ અને મદીરાના ભયંકર પાપને કોઇ દુનિયાના મહાસમુદ્રમાં નાંખી આવો–માંસ અને મદિરાએ માનવોને હેવાન બનાવી દીધા છે. માંસ અને મદિરામાં મહાલનાર મનુષ્યમાં પછી માનવતાની આશા શી રાખી શકાય ?

આજનું બાળક એ આવતી કાલનું ભારતનું નાગરિક છે. માટે વિદ્યાર્થી જીવનથી જ પ્રત્યેક બાળકમાં "Simple Leaving and Haythinking" "સાદુ જીવન અને ઉચ્ચ વિચાર"નું વાવેતર કરો. બચપણથી સાદાઇથી જીવન જીવવાનું શીખવો, વિદેશી વેશભૂષાં, ખાનપાનની પદ્ધતિ અને રહેણીકરણી ને છોડવાનું શિખવો, નીજીસ્વાર્થ છોડીને સૌ સાથે મૈત્રીભાવથી રહેવાનું શીખવો, શિક્ષકોનો વિનય જાળવવાનું શિખવો, સિનેમા ન જોવાનું અને બિભત્સ અશ્લીલ સાહિત્ય ન વાંચવાનું શીખવો. પરધન પત્થર સમાન અને પરસ્ત્રી માતસમાન એ વાત ભણાવો.

જેમ જેમ મનુષ્ય સ્વચ્છ બનતો જશે તેમ તેમ સુખી બનતો જશે. ઉપરોક્ત બદીઓથી મનુષ્ય

અનુસંધાન પાના નંબર ૧૫૨ પર જોઓ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી તાલધ્વજ (તળાજા) તીર્થ

સંગ્રાહક : ભાનુમતી નગીનદાસ શાહ

સૌરાષ્ટ્રમાં આવેલ શ્રી શત્રુંજય મહાતીર્થ, શ્રી ગીરનારજી તીર્થ, શ્રી કદમ્બગીરી તીર્થ, શ્રી હસ્તગીરી તીર્થ, શ્રી અજાહરા તીર્થ, શ્રી તાલધ્વજ તીર્થ વિગેરે પ્રાચીન તીર્થો ખુબજ પ્રખ્યાત છે.

આ તીર્થોમાંના એક શ્રી તાલધ્વજગીરી અંગે આ લેખમાં ટુંકાવીને માહીતી રજુ કરવાનો નમ્ર પ્રયાસ કરેલ છે.

પ.પૂ. શ્રી વિરવિજયજી મહારાજે નવ્વાણું પ્રકારની પૂજાની એક ઢાળમાં લખ્યું છે કે—

ઢંક કદમ્બને કોડી નિવાસો,
લોહિત્ય તાલધ્વજ સુરગાવે,
ગીરીવર દરીસણ વિરલા પાવે,

ભગવાન શ્રી આદિનાથનાં પુત્ર ભરત મહારાજા આ તીર્થની યાત્રાએ પધારેલ અને સુંદર જિનાલય બંધાવેલ. અને તીર્થની રક્ષા માટે તાલધ્વજ નામના યક્ષની સ્થાપના કરેલ. જે ઉપરથી આ તીર્થ તાલધ્વજ ગીરી તરીકે પ્રખ્યાત થયેલ. હાલ જે ચૌમુખજીની ટુંક છે. તે જગ્યાએ તેમણે શ્રી આદિનાથ ભગવાનની ચરણપાદુકા પધરાવેલ.

ચીનનાં પ્રખ્યાત પ્રવાસી હુ-એન-સંગે આ સ્થાનની મુલાકાત લીધેલ અને તેની પ્રાચીનતા અંગે નોંધ લખેલ.

ઈ. સ. ૬૭૧ થી ૬૯૫માં બીજા એક ચીનના પ્રવાસી ઇત્ સંગે તેનાં પ્રવાસની નોંધમાં તાલધ્વજની નોંધ લખેલ છે. અને નાલંદાના વિધિ વિહારોની સાથે સરખાવેલ છે.

ચૌદમાં સૈકામાં આચાર્યશ્રી ધનેશ્વરસૂરીએ શ્રી શત્રુંજય મહાત્મ્યનો ગ્રંથ રચેલ તેમાં તાલધ્વજને શંત્રુજયની એક ટુંક તરીકે વર્ણવેલ છે.

તળાજા પાસે આવેલ એક કબર પાસેની જગ્યામાંથી એક ચરણપાદુકા મળી આવેલ. તેની ઉપર સંવત ૧૩૦૨ વૈશાખ શુદ ૬ એવો ઉલ્લેખ છે, આ પાદુકા બાર્ટન લાઇબ્રેરીનાં મ્યુઝીયમ પાસે છે

હાલ બિરાજમાન મુળનાયક શ્રી સુમતિનાથ ભગવાનની પ્રતિમાં એક બ્રાહ્મણનાં મકાનનો પાયો ખોદતા મળી આવેલા. આ પ્રતિમાજી સંપ્રતિ મહારાજાના સમયનાં હોય તેમ માનવામાં આવે છે.

શ્રી સુમતિનાથ ભગવાન સાચાદેવ કેમ કહેવાયા તે અંગે આ તીર્થના વહિવટ કર્તા શેઠ કેશવજી કુંજાભાઇ પાસેથી વડિલોએ સાંભળેલી હકીકત મુજબ—

જે દિવસે પ્રતિમાજી મળી આવ્યા ત્યારે તેમને બાજુમાં આવેલ મુરલીધર મંદીરના ઓટલા ઉપર રાખવામાં આવેલ. પ્રતિમાજીનું અલૌકિક તેજ જોતા લોકોમાં અનેરી શ્રદ્ધા પ્રગટી. અને ઊમંગભર દર્શન કરવા ઉમટી પડેલા. આ વખતે એક અંગ્રેજ તેના પત્ની સાથે તળાજા બંદર જોવા આવેલ. તેમણે આ વાત સાંભળી એટલે તેનાં પત્નિને આ પ્રતિમાજી જોવાની ઇચ્છા થઈ. અંગ્રેજ સાહેબે આ વાત તૂચ્છકારી કાઢી; છતા તેમના પત્નિ હઠ કરી પ્રતિમાજી જોવા એકલા ગયા, તેને એક ખોજા ગૃહસ્થ દેવજીભાઈએ સાથે રહી પ્રતિમાજી બતાવ્યા અને હકીકત કહી. હવે આ તરફ પેલા સાહેબ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગયેલા નહીં, તેમને અચાનક પેટમાં અસહ્ય દુઃખવો ઉપડયો, ગોળો ચડવા જેવું થઈ ગયું અને ખુબજ મુંઝવણ-અકળામણુ થવા લાગી. તે વખતે લોકોએ તેમને સમજાવ્યા કે તમે આ પ્રતિમાજીની અવગણના કરી તેથી જ આ તકલીફ તેમને થઈ આવેલ છે. માટે દર્શન કરી આવો અને સવામણ ઘી નો દિવો કરજો. સાહેબ છેવટે દર્શન કરવા ગયા દિવો કર્યો, શ્રીફળ મુકયું અને પ્રતિમાજીને વંદન કર્યા. તુરત જ તેની પીડા શાન્ત થઈ ગઈ. એટલે આ અંગ્રેજ બચ્ચો બોલી ઉઠયો કે "યે સચ્ચા દેવ હૈ" ત્યારે સાચાદેવ તરીકે પ્રખ્યાત થયા.

ગીરીરાજ ઉપર કુમારપાળ મહારાજાએ બંધાવેલ મંદિરમાં કોઇ પ્રતિમાજી ન હોવાથી મુળનાયક તરીકે પધરાવ્યા અને સંવત ૧૮૭૨નાં વૈશાખ શુદ ૧૩ના દિવસે પ્રતિષ્ઠા કરવામાં આવી, અખંડ દિપક પ્રગટાવ્યો. જેની જ્યોત કેસર વરણી શરૂ થઇ, આ જ્યોત આજ સુધી ચાલુજ છે.

સંવત ૧૯૫૯માં તળાજાથી થોડે દુર સાખડાસર ગામ પાસેથી શ્રી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમાજી મળી આવ્યા, તેના દર્શને તળાજા-દાઠાના લોકો મોટી સંખ્યામાં આવેલ. બન્ને ગામના લોકોએ પ્રતિમાજી પોતાને ત્યાં લઈ જવા માંગણી કરી દાઠાના લોકો લેઇ જવા માટે ડોળીમાં પધરાવ્યા પરન્તુ ડોળી ઉંચકાઇ નહી. જ્યારે તળાજાના લોકોએ ડોળીમાં પધરાવી ઉંચકયા તો વજન એકદમ હળવુફૂલ થઇ ગયું. આ પ્રતિમાજીને ગામમાં શ્રી શાન્તિનાથ ભગવાનના દેરાસરની ઉગમણી બાજુએ એક મકાનની મેડી ઉપર પધરાવ્યા.

આ માટે ગીરીરાજ ઉપર ભવ્ય જિનાલય બાંધવાનું શરૂ કર્યું, તેમાં શ્રીસંઘની તમામ મુડી ખર્ચાઈ ગઇ. તેથી વહિવટકર્તાઓ પ. પૂ. શ્રી નેમિસૂરિશ્વરજી પાસે ગયા. તેમણે શેઠ દલપતભાઈ મગનલાલ વાળા લક્ષ્મીબેનને પ્રેરણા કરી અને તેમણે સારી રકમ આપી અને સંવત ૧૯૮૦ના વૈશાખ શુદ ૧૦ ના પ્રતિષ્ઠા કરવામાં આવી.

તળાજા શહેરમાં આવેલ દેરાસરમાં મૂળનાયક શ્રી શાન્તિનાથ ભગવાન હાલ છે તે પ્રતિમાજી પણ એક ખેતરમાંથી મળી આવેલ, તેની ઉપરનો લેખ સંવત ૧૮૮૩ના માગશર શુદ ૧૧ વંચાય છે. આ પ્રતિમાજીની પ્રતિષ્ઠા સંવત ૧૯૨૯માં માગશર શુદ ૯ ના કરવામાં આવેલ.

સાચાદેવની ટુંકમાં ફરતા બાવન જીનાલયની રચનાનું કામ સંવત ૨૦૦૦ આસપાસ શરૂ કરવામાં આવેલ અને સંવત ૨૦૧૦ના વૈશાખ શુદ ૫ ના દિવસે પ્રતિષ્ઠા કરવામાં આવેલ.

[ અનુસંધાન પાનાનંબર ૧૫૦નું ચાલુ ]

ભગડયો છે. તેથી બાહ્ય બદીઓને કાઢીને હૃદયને સ્વચ્છ બનાવો. તેને પછી અહિંસા અને સત્યનો કિમતી પોષાક પહેરાવો. ત્યારબાદ શીલ અને સાદાઈના અલંકારોથી શણગારો, તેના માથા ઉપર ત્યાગની કલગી ચઢાવો. અને પછી જુઓ માણસની તેજસ્વી તાસીર. આજના યુગના માનવીની સાચી તાસીર. હિંસા, જુઠ, અનિતી, ઇર્ષ્યા, દ્વેષ, પ્રપંચ, દંભ, ક્રોધ, અહં, અન્યાય વગેરેના કયારાઓના કારણે ઢંકાઇ ગઈ છે. ઢંકાઇ ગયેલું માનવનું સાચું તેજ ઓજસ-પ્રભાવ તેને પ્રગટ કરવાના પ્રયાસોમાં દેશનેતાઓ, સમાજ સેવકો, કર્તવ્યનિષ્ઠ શિષ્યો, ધર્મગુરૂઓ તેમજ હિતેચ્છુઓ લાગી જાય જેથી સતકાલિન ભારતવર્ષની શુભ સ્થાપના થાય અને રામરાજ્ય ફરી આવે એવી આશા....

નિત્ય આત્માનું સ્મરણ-કીર્તન કરવું એ ગુણાર્થી, ગુણપૂજક અને કૃતજ્ઞ આત્માની ફરજ છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી ગોડીજી પાર્શ્વનાથ જૈન-દેરાસર

## ભવ્ય ભૂતકાળ પર એક નજર અને પુઃન પ્રતિષ્ઠાનો ભવ્ય પ્રસંગ

લેખક : શ્રી રાયચંદ મગનલાલ શાહ

મુંબઈમાં પાયધુનિ ઉપર આવેલા શ્રી ગોડી પાર્શ્વનાથજીનું દેરાસર ઘણું પ્રાચીન છે. આ દેરાસરજીમાં મૂળ નાયકજી શ્રી ગોડી પ્રાર્શ્વનાથજી તથા કેટલાક જિનબિંબોની પ્રતિષ્ઠા ૧૭૮ વરસ પહેલાં વિ. સં. ૧૮૬૮ના બીજા વૈશાખ સુદ ૧૦ ની મંગળ પ્રભાતે મહાપુણ્યશાળી ઘોઘા નિવાસી શ્રેષ્ઠિવર્ય શ્રી શેઠ કલ્યાણજી કાનજીએ કરી હતી. આ પ્રસંગે ભવ્યાતિભવ્ય રીતે પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો હતો એની વિગતવાર નોંધ શ્રી ગોડીજી દેરાસરના માનવંતા વહીવટદારોએ સરસ રીતે જાળવી રાખી છે. સં. ૧૮૬૮ થી ૧૮૯૦ સુધીના મોટાભાગના ચોપડા ભલે મળતા નથી તેમ છતાં સં. ૧૮૯૧ની સાલના ચોપડામાં ૧૮૬૮ની વિગતવાર નોંધ સુંદર રીતે જાળવી રાખી છે. સં. ૧૮૬૮માં કયા પ્રતિમાજીની પ્રતિષ્ઠાનો આદેશ કયા ભાગ્યશાળીએ લીધો અને કેટલા રૂપિયામાં લીધો તથા વરઘોડામાં રથમાં કોણ બેઠું ? ચામર કોણે વીંઝયો ? અને તેની ઉછાણી કેટલી થઇ ? એ બધી વિગતવાર નોંધ એક ચોપડામાં એટલી સુંદર રીતે લખેલ છે કે તેની અનુમોદના કરીએ એટલી ઓછી જ છે. એ સમયના ચોપડાના હાથની કારીગરીથી બનાવેલા કાગળો અને કાળી શાહીથી, કલમથી લખેલી વિગતો છાપેલા કરતા સુંદર મોતીના દાણા જેવા હસ્તાક્ષરો જુઓ તો પોણાં બસો બસો વરસ પહેલાના આપણા પૂર્વજોની આવડત, ભાવના, બુદ્ધિ, શક્તિ જોતા પૂર્વજોના જ જાણે દર્શન થતા લાગે. સં. ૧૮૯૧ થી આજ સુધીના ચોપડા હજુ સાચવી રાખ્યા છે.

ઘોઘાવાળા શેઠ કલ્યાણજી કાનજીએ મૂળનાયક શ્રી ગોડી પાર્શ્વનાથજીની પ્રતિષ્ઠા કરી. એમના સુપુત્ર શેઠ દીપચંદભાઈ કલ્યાણજીએ જેમનું બીજું નામ બાલાભાઇ હતુ. અને બાલાભાઈના નામથી પ્રખ્યાત હતા. જે મહાપુણ્યશાળીએ શ્રી શત્રુંજય તીર્થ ઉપર ટુંક બંધાવી છે. તે 'બાલાભાઇની ટુંક' ના નામથી વિખ્યાત છે.

આ પ્રસંગે શેઠ મોતીશા શેઠ તથા એમના પિતાશ્રી માતુશ્રી બંધુઓ વગેરેએ પણ આ પ્રસંગમાં મહોત્સવમાં લાભ લીધો હતો. શેઠ મોતીશા વરઘોડામાં રથમાં ચામર લઇને બેઠા હતા એવો ઉલ્લેખ આ ચોપડામાં કર્યો છે. આ સમયે શેઠ મોતીશા બહુ શ્રીમંત નહોતા. એમનો ભાગ્યનો ઉદય સં. ૧૮૭૦ થી શરૂ થયો હતો હતી. સં. ૧૮૬૯મા તો શેઠ મોતીશાના કુટુંબમાથી માતા, પિતા ભાઇઓ ઇત્યાદિ ગુજરી ગયા. માત્ર મોતીશા શેઠ અને તેમના પત્ની એમ માત્ર બે જ વ્યક્તિ કુટુંબમાં બચી શકી હતી. ત્યાર પછી શેઠ મોતીશાના ભાગ્યનો સિતારો ખૂબ જ ચમકયો. લક્ષ્મી દેવીની અત્યંત કૃપા વરસવા માંડી અને દિલાવર દિલના શેઠશ્રીએ લક્ષ્મીને છુટા હાથે વાપરવા માંડી. કોઈપણ ધર્મના કામો હોય, સમાજના કામો હોય, જાણે કે બીજા કર્ણ દાનેશ્વરી !

ઘણા ઘણા સત્ કાર્યોમાં સૌથી વિશાળ અને અમર કાર્ય જો કોઇ હોય તો શ્રી શંત્રુજય



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગિરિરાજ ઉપર "શેઠ મોતીશાની ટુંક" બંધાવીને અલૌકિક જિનાલય બંધાવી ગયા. આટલી વિશાળ અને ભવ્ય ટુંક બાંધવા માટે ડુંગર ઉપર સપાટ જમીનની કોઈ જગ્યા ન હતી તેથી બે ટેકરીની વચ્ચેની ખાઇ પુરાવીને આ જિનાલય બાંધવાની હિંમત શેઠે કરી હતી.

આજના જમાનાના ભણીને ડીગ્રીઓધારી એંજીનીયરો તે કાળમાં ન હતા. પણ વંશ પરંપરાગત શિલ્પશાસ્ત્રને જાળવી રાખનારા અનુભવી મિસ્ત્રી જે મહુવાના રહેવાસી હતા તેણે આ ભવ્ય જિનાલય બાંધ્યું છે. તે વખતમાં રેલ્વે નહોતી, મોટર ખટારા નહોતા, નદીઓ ઉપરના મોટા પુલો બાંધેલા નહોતા, માત્ર બળદના ગાડાઓથી બધો વહેવાર ચાલતો હતો. એવા સમયમાં આ મંદીરો ડુંગરો ઉપર બંધાવ્યા છે. આબુ, અંબાજી અને મકરાણા જેવા દૂરદૂરથી ડુંગરાળ પ્રદેશોમાંથી સુંદર આરસ લાવવા જ્યારે આજના જેવા ડામર સીમેન્ટના રસ્તાઓ બાંધેલા ન હતા કેટલા કઠણ હશે ? ત્યારે એ જમાનામાં સીમેન્ટ જ ન હતી, માત્ર ચુનાથી જ ચણતર થતા. પોલીસ કરવા મશીનો ન હતા. બધું કામ હાથથી થતું હતું. મંદીરની સાથે ભવ્ય અને શાસ્ત્રોકત પ્રમાણયુક્ત પ્રતિમાઓ હજારોની સંખ્યામાં ભરાવી. એ બધુ જોતા ભલભલાના મસ્તક ઝુકી પડે છે.

પરદેશી વિદ્વાનો સ્થાપત્યકારો, એંજીનીયરો અને કુદરતી સૌંદર્ય, કલા સ્થાપત્યના વિદ્વાનો, કવિઓ આવીને જોવે છે ત્યારે એના આશ્ચર્યનો પાર જ રહેતો નથી—એવી ભવ્ય ટુંક શેઠ મોતીશાએ બંધાવી અને એની સાથે જ એક ટુંક બાલાભાઇએ બંધાવી. જૈનો પોતાની સુકૃતની લક્ષ્મીનો કેવો સુંદર ઉપયોગ કરે છે એ દુનિયાએ જોયુ-જૈનો ધર્મ માટે, આધ્યાત્મિક આનંદ માટે, આત્માના કલ્યાણ માટે, સસ્કૃતિને સાચવવા અને વિકસાવવા કળા અને સાહિત્યને માટે, પોતાની લક્ષ્મી વાપરવા જે ઉદારતા દર્શાવતા આવ્યા છે એની તુલના થઈ શકે તેમ નથી.

ભારત જેવા વિશાળ દેશમાં અનેક ધર્મો છે તે સર્વના સાહિત્ય જો ભેગા કરવામાં આવે તો ૮૦ ટકા ફાળો એકલા જૈનોનો છે. અને ભારતની પ્રાચીન શિલ્પકળામાં ૯૦ ટકા ફાળો એકલા જૈનોનો છે. જૈનો બહુજ નાની સંખ્યામાં છે—જૈન ધર્મ જીવનમાં ઉતારવો જરા કઠીન છે. જૈન ધર્મ એટલે આત્માનો ધર્મ. અનાદિકાળથી કર્મબંધનના કારણે આ આત્મા જન્મ મરણ કરતા કરતા ચાર ગતીમાં ભટકયા કરે છે.

સુખ-દુઃખ કર્મ અનુસાર ભોગવે છે. એ આત્માને અનંત અક્ષય સુખ જ્યાં છે જ્યાં ગયા પછી ફરી જન્મ લેવો પડતો નથી, જેને જન્મ લેવો પડતો નથી તેણે મરણ હોતું નથી એવુ સ્થાન જેને મોક્ષ કહેવાય છે. તે પ્રાપ્ત કરવા માટેનો શુદ્ધ માર્ગ બતાવનાર ધર્મ એટલે જૈન ધર્મ છે.

આ ધર્મના અનુયાયીઓએ આબુજી, ગીરનાર, શંત્રુજય તારંગા આદિ અનેક સ્થળોએ પર્વતોના ઉપર મંદીરો બંધાવ્યા છે અને શાંત કુદરતના વાતાવરણમાં આત્માની શાંતિ પ્રાપ્ત કરવાના પવિત્ર ધામ બનાવ્યા છે.

એના એક નમુનારૂપે આવા ભૌતિકવાદના જમાનામાં મુંબઈ જેવી મહાનગરીમાં પાયધુની ઉપર શ્રી ગોડીજી પાર્શ્વનાથનું મંદીર મૂળનાયકજીની પ્રતિમાજીને સ્થિત રાખી એ નુતન મંદીર હાલમાં બાંધ્યુ છે. તેમાં આખુ દેરાસર પણ આરસથી બાંધી આબુના જેવી કોતરણી કરવાની યથાશક્તિ કોશીષ કરીને કળા કારીગરીના વારસાને જાળવીને સુંદર અને ભવ્ય રીતે બાંધ્યું છે. જે સમસ્ત મહારાષ્ટ્રમાં અજોડમાં અજોડ છે. એ જૈનોની કળા પ્રત્યેની ઉંડી સૂઝ, ભાવના અને પ્રેમની નિશાની છે.

આ મંદીરમાં જે જૂના પ્રતિમાજીઓ હતા તે સર્વની પુનઃ પ્રતિષ્ઠા કરવામાં આવી છે. બીજા કસોટીના પત્થર ખાસ ઇટાલીથી શ્યામ રંગનો આરસ મંગાવી ત્રણ જિનબિંબો ભરાવી બિરાજમાન કર્યા છે. એક ઋષભદેવ ભગવાનની કાયોત્સર્ગ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ધ્યનની ઊભી પ્રાતમાજી ચોવિસે જિનેશ્વરોની પ્રતિમાવાળા પરિકર સહિતની ૯૧" એકાણું ઇંચની ભવ્ય પ્રતિમાજી પણ બિરાજમાન કરી મંદિરની શોભામાં વૃદ્ધિ કરી છે. આ ઉપરાંત ૩૧" ઇંચના ગૌતમસ્વામીની પ્રતિમાં તથા ૬૧" ઇંચની શ્રી પદ્માવતી માતાની મૂર્તિ પણ બીરાજમાન કરવામાં આવી છે, મંદીરમાં ભોંયરૂ, ભોંયતળીયું, પ્રથમ માળ તથા બીજો માળ અને તેના ઉપર ત્રણ શિખરો અને તેના ઉપર ધ્વજાદંડ અને ફરફરતી ભવ્ય ધજાઓ જોતા નલિનીગુલ્મ વિમાન જાણે અહીંજ વસી ગયુ હોય એમ જ લાગે.

એકસો અઠયોતેર વરસ પછી સંવત ૨૦૪૫ના વૈશાખ સુદ ૧૦ સોમવાર તા. ૧૫-૫-૮૯ના મંગળ પ્રભાતે સ્ટા. ટા, ૭-૧૧ મિનીટે પરમ પૂજ્ય ગચ્છાધિપતી આચાર્ય ભગવંત શ્રી ૧૦૦૮ શ્રી સુબોધસાગર સૂરીશ્વરજી આદિ આચાર્ય ભગવંતો, પ. પૂ. આ. શ્રી મનોહર કીર્તિસાગરસૂરીશ્વરજી પ. પૂ. આ, શ્રી દર્શનસાગર સૂરીશ્વરજી, પ.પૂ. આ.શ્રી દૌલતસાગર સૂરીશ્વરજી, પ.પૂ. આ. શ્રી હેમચંદ્ર સૂરીશ્વરજી પ.પૂ. ભુવનભાનુ સૂરીશ્વરજી આદિ વિશાળ સંખ્યામાં સાધુ મુનિરાજો, સાધ્વીજી મહારાજોની નિશ્રામાં ૮૫ જિન બિંબો તથા ગૌતમસ્વામી શ્રી પદ્માવતી માતા શ્રી ચક્રેશ્વરી માતા, શ્રી માણીભદ્ર વીર આદિ પ્રતિમાઓની પ્રતિષ્ઠા થઈ હતી. તથા આગલી રાતે અનેક જિનબિંબોની અંજનશલાકા વિધિ કરવામાં આવી હતી.

આ ભવ્ય પ્રસંગે શ્રીસંઘમાં ભાવોલ્લાસ જે પ્રગટ થયો હતો તેનું વર્ણન થઇ શકે તેમ જ નથી. લાખો શ્રાવક-શ્રાવિકાઓની હાજરીથી માનવોનો મહાસાગર ઉભરાયો હતો. ભવ્ય રથ યાત્રાનો, ભગવાનના પંચ કલ્યાણકોની ઉજવણી તે સમયે ભગવાનના માતાપિતા, ઇંદ્ર ઇંદ્રાણી, છપ્પન દિગ્ કુમારિકાઓ ભગવાનનો ચ્યવન કલ્યાણક, જન્મ કલ્યાક, મેરૂપર્વત ઉપર અભિષેક, નિશાળ, ગરણું, લગ્ન, મામેરૂં, ફઇઆરૂ, રાજ્યાભિષેક, લોકાંતિક દેવોની વિનંતી, ભગવાનનો સંસારત્યાગ, દીક્ષાનો વરઘોડો અને દીક્ષા અંગિકાર કરવી, કેવળ જ્ઞાનની પ્રાપ્તિ અને અંતે નિર્વાણ પદની પ્રાપ્તિ સુધીના ભવ્ય દ્રશ્યો જોતા હૈયા હેલે ચડયા હતા.

એવી જ રીતે પ્રતિષ્ઠા પ્રસંગે એકત્રીત થએલી લાખોની મેદની અને ભાવોલ્લાસ, ભાગ્યશાળીઓએ પ્રતિષ્ઠા આદીના લીધેલા લાભો, શિખર ઉપરની ધજાઓ, કળશો અને ધ્વજાદંડ આદિના લીધેલા લાભો, અષ્ટોત્તરી સ્નાત્ર, ભવ્ય અંગરચનાઓ, લાખો સુગંધી પુષ્પો અને ચોકખા ઘીના હજારો દિપકોની દીપમાળાઓ, સાચા મોતી હીરા માણેક નીલમ આદીના મુગટો, આંગીઓથી વિભૂષિત ત્રિલોકના નાથ દેવાધિદેવ શ્રી ગોડી પાર્શ્વનાથ ભગવાન મૂળનાયક તથા જુદા જુદા ગભારામાં મૂળનાયક શ્રી શામળીઆ પાર્શ્વનાથ, શ્રી નેમનાથ, શ્રી મુનિ સુવ્રતસ્વામી, શ્રી આદીશ્વર ભગવાન (કેશરિયાજી), બીજે માળ મૂળનાયક શ્રી ચિંતામણી પાર્શ્વનાથ, શ્રી શાંતિનાથ, શ્રી વાસુપૂજ્ય સ્વામી, શ્રી આદીશ્વર ભગવાન, શ્રી ચંદ્રપ્રભુ તથા એક અલાયદા ગભારામાં કાઉસગ્ગધ્યાને ચોવિસે જીનેશ્વર યુક્ત પરિકરવાળા શ્રી આદિશ્વર ભગવાન ઇત્યાદિ ૮૫ પંચાસી ભગવાનની પ્રતિમાંઓ બીરાજમાન કરવામાં આવી. તે સમયના ભક્તિભાવ, ઉલ્લાસ, આનંદ, ઉમંગની અવધિ જ ન હતી. એની અનુમોદના જેટલી કરીએ એટલી ઓછી જ છે. આવી અનુમોદના કરનારા પણ ભવોભવના કર્મને, નાશ કરી નાખે છે એમાં સંદેહ નથી,

* * *

કોઈ પણ પ્રકારના બદલાની આશા વિના ધર્મની બુદ્ધિથી ધનવાન કે નિર્ધન બધા સાધર્મિકોતે ભેદ વિના સમાન સન્માન-સત્કાર પૂર્વક ઉદાર ચિત્તથી જમાડે તે સાધર્મિક વાત્સલ્ય કહેવાય. આ ધાધર્મિક વાત્સલ્યથી મહાલાભ થાય છે,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમાચાર

## પરદેશમાં જૈનધર્મ પ્રવચન :–

કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યની ૯૦૦મી જન્મ શતાબ્દી નિમિત્તે સમગ્ર બ્રિટનની ઓગણીસ જેટલી સંસ્થાઓએ એકત્ર થઈને આ પ્રસંગની ભવ્ય ઉજવણી કરવાનું નક્કી કર્યું છે. આને માટે જાણીતા સાહિત્યકાર અને જૈનદર્શનના અભ્યાસી ડૉ. કુમારપાળ દેસાઈને પ્રવચન આપવા ખાસ નિમંત્રણ આપવામાં આવ્યું છે.

લંડન, માન્ચેસ્ટર અને લેસ્ટરમાં કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યના જીવન અને સાહિત્ય વિશે પ્રવચન આપશે. તા. ૧૫/૧૬ જુલાઈએ ડૉ. કુમારપાળ દેસાઈના મુખ્ય વકતવ્ય સાથે કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યના બે દિવસના સેમીનારનો પ્રારંભ થશે જેમાં લંડન ખાતેના ભારતીય હાઈકમિશ્નર, મેયર અને પાર્લામેન્ટના સભ્યો ઉપસ્થિત રહેશે. આ પ્રસંગે હેમચંદ્રાચાર્યના પુસ્તકો તથા ભારતીય કલા-સંસ્કૃતિ દર્શાવતી અન્ય સામગ્રીનું પ્રદર્શન યોજવામાં આવશે.

[૨]

દૂર બ્રિટનમાં સર્જાઈ. બ્રિટનના જૈનોના તમામ સંપ્રદાયો. ફિરકાઓ અને ૧૫ જેટલાં જૈન એસોસિએશનોએ સાથે મળીને કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યની ૯૦૦મી જન્મ જયંતિની જ્ઞાનપૂર્ણ ગૌરવભરી ઉજવણી કરી. આ માટે ભારતથી જૈન દર્શનના ચિંતક ડૉ કુમારપાળ દેસાઈને વિશિષ્ટ નિમંત્રણ આપીને બોલાવવામાં આવ્યાં હતાં અને તેમણે લેસ્ટર, માંચેસ્ટર, લંડન વગેરે શહેરોમાં શ્રી હેમચંદ્રાચાર્યના જીવન અને કવન વિશે પ્રેરક પ્રવચનો આપ્યાં હતાં. લંડનમાં બે દિવસનો પરિસંવાદ યોજવામાં આવ્યો હતો. જેમાં ડૉ. નટુભાઈ શાહ, ડાહ્યાભાઈ કવિ, ટી. પી. સૂચક, વિનોદ કપાસી, વિપુલ કલ્યાણી વગેરેએ પ્રસંગોચિત વકતવ્યો આપ્યા હતા.

આ પ્રસંગે શ્રી વિનોદ કપાસીએ ચાર વર્ષની મહેનત બાદ તૈયાર કરેલ "હૈમ સિદ્ધિ" પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું.

લંડનમાં યોજાયેલા સમારંભમાં ભારતના ફર્સ્ટ કલ્ચરલ સેક્રેટરી શ્રી મનરાલ તથા બ્રિટનના ભૂતપૂર્વ કેળવણી પ્રધાન અને હાલના પાર્લામેન્ટના સભ્ય સર રોહડસ બોયસન હાજર રહ્યા હતા અને તેમણે જૈન ધર્મની મહત્તા અને હેમચંદ્રાચાર્યની મહાનતા વિષે પ્રવચનો કર્યાં હતા.

આ પ્રસંગે ગ્રેટ બ્રિટનની પંદર સંસ્થાઓ તરફથી ડૉ. કુમારપાળ દેસાઈને તેમના કાર્ય માટે "હેમચંદ્રાચાર્ય એવોર્ડ" સર રોહડસ બોયસનના હસ્તે એનાયત કરવામાં આવ્યો હતો. વળી જાણીતા લેખક અને જૈન દર્શનના વિચારક શ્રી વિનોદ કપાસીના કન્વીનરપદે બ્રિટનની તમામ સંસ્થાઓનુ ફેડરેશન રચવાનું નક્કી થયું હતું.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## તપોમયી નગરી ભાવનગરના આંગણે......

## ચત્તારી–અટ્ઠ–દશ–દોય તપ–ચોવીસ તીર્થંકરોની ભવ્યાતિભવ્ય આરાધનાનું આયોજન

કર્મ ખપાવે ચીકણા, ભાવ મંગલ તપ જાણ, અનંત લબ્ધિ ઉપજે,
જય જય તપ ગુણ મણિ ખાણ.

પ. પૂ. આ. મ. શ્રી રુચકચંદ્રસૂરીશ્વરજી મ. સા., પ. પૂ. ગણિવર્ય શ્રી હ્રીંકારચંદ્રવિજયજી મ. સા., પ. પૂ. ગણિવર્ય શ્રી ધર્મધ્વજવિજયજી મ. સા., પ. પૂ મુનિ શ્રી કીર્તિપ્રભવિજય મ. સા., પ. પૂ. શ્રી વિદ્યાધરવિજય મ. સા., પ. પૂ. મુનિ શ્રી અપૂર્વચંદ્રવિજય મહારાજ સાહેબની નિશ્રામાં આરાધના.

વિભાગ ૧ :– અષાડ સુદ ૧૩ રવિવાર ઉત્તરપારણા અષાડ સુદ ૧૪થીવદ ૨ ચાર ઉપવાસ, અષાડ વદ ૩ શુક્રવાર પારણા.

વિભાગ ૨ :– શ્રાવણ સુદ ૪ શનિવાર ઉત્તરપારણા, શ્રાવણ સુદ ૫ થી ૧૧, આઠ ઉપવાસ, શ્રાવણ સુદ ૧૨ પારણા.

વિભાગ ૩ :– શ્રાવણ વદ ૯ શુક્રવાર ઉત્તરપારણા, શ્રાવણ વદ ૧૦ થી ભાદરવા સુદ ૪ દશ ઉપવાસ ભાદરવા સુદ ૫ પારણા,

વિભાગ ૪ :– ભાદરવા સુદ ૭ ગુરૂવાર ઉત્તરપારણા, ભાદરવા શુદ ૮ અને ૯ બે ઉપવાસ, ભાદરવા સુદ ૧૦ રવિવાર પારણા.

## ચાતુર્માસ પ્રવેશ :

પંજાબ કેશરી યુગવીર આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ સાહેબના પટ્ટધર ગચ્છાધિપતિ ઇદ્રિદિન્નસૂરીશ્વરજી મહારાજ સા. ના આજ્ઞાવર્તિ સાધ્વીજી ચંદ્રયસાશ્રીજી આદિ ઠાણા ૩ ભાવનગર નૂતન આયંબિલ ભુવનમાં ચાતુર્માસ પધારતા બેનોમાં વ્યાખ્યાન–તેમજ સુંદર આરાધનાનો લાભ લઈ રહ્યા છે. ઉત્સાહ સારો છે.

### શ્રી મહાવીર જૈન વિદ્યાલય

## અમૃત મહોત્સવની પૂર્વભૂમિકા રૂપ જાહેર વ્યાખ્યાન અને વિમોચન સમારોહ

મુંબઈ–

"અંતરના ઊંડાણમાં પરમાત્માની ભક્તિ જીવનમાં વસી હોય તેને આવતી કાલની ચિંતા હોઈ શકે જ નહિ. ખરેખર તો સાચા ભક્તની પાછળ ભગવાન ચાલે છે. આ પૃથ્વી પર સકળ જીવ-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રાશિમાં પરમાત્મભક્તિ એ સંસાર સાગર તરવાનો રાજમાર્ગ છે. પરમાત્માના ભક્તને આખું જગત વશ રહે છે. આપણે ભગવાનને દેવાલયમાંથી દેહાલયમાં પધરાવવાના છે. ત્રિલોકના નાથની ભક્તિ પછી વિશ્વની કોઇ એવી તાકાત નથી કે આપણુને કોઇ પરાસ્ત કરી શકે. આપણા હૃદયમાં પૂરી શ્રદ્ધા અને ભકિત હોય તો આ સંસાર સહેલાઇથી તરી શકાય છે."

શ્રી મહાવીર જૈન વિદ્યાલયના અમૃત મહોત્સવની પૂર્વભૂમિકારૂપે અત્રે પાટકર હોલમાં યોજાયેલ 'દેવદર્શનનું વિજ્ઞાન' એ વિષે જાહેર વ્યાખ્યાન અને સ્વ. મોહનલાલ દેશાઇ લિખિત 'જિનદેવદર્શન' નું વિમોચન કરતાં જાણીતા વિદ્વાન અને ચિંતક શ્રી શશિકાન્ત મહેતાએ ઉપર પ્રમાણે જણાવ્યું હતું.

❈ ❈ ❈

જૈન સમાજના જાણીતા વિદ્વાન

## ડો. શ્રી કુમારપાળ દેસાઈની

# પ્રગતિ-કૂચ

નોંધ :- ડો. શ્રી કુમારપાળ દેસાઇની વિવિધ પ્રવૃત્તિઓથી, ઘણા અજાણ હશે તેમને આ લેખથી તેમની વિવિધ પ્રવૃત્તિઓનો ખ્યાલ આવશે. તંત્રી



ગુજરાતના આ બહુમુખી પ્રતિભા ધરાવતા યુવાને સાહિત્ય, શિક્ષણ, પત્રકારત્વ, સમાજ, ધર્મ અને સસ્કૃતિ-એમ જુદાં જુદાં ક્ષેત્રોમાં આગવું પ્રદાન કર્યું છે.

### સાહિત્યિક પ્રવૃત્તિ

છેક ગળગૂથીથી સાહિત્યના સંસ્કાર પામનાર શ્રી કુમારપાળ દેસાઇની સાહિત્યિક પ્રવૃત્તિ આજના સમયમાં આગવી ભાત ધરાવે છે. એમના સાહિત્યમાં કોઇ ને કોઇ ઉચ્ચ ભાવનાને શબ્દદેહ આપવામાં આવ્યો હોય છે.

એમનાં નવા પુસ્તકો કેન્દ્ર યા રાજ્ય કક્ષાએ પારિતોષિક પામ્યાં છે એ જ એમની સાહિત્ય-સુઝ દર્શાવે છે. ઇ. સ. ૧૯૮૦માં એમના પુસ્તક 'નાની ઉંમર, મોટું કામ' ને ભારત સરકારની N. C.E R,T. સંસ્થાએ ભારતની તમામ ભાષાનાં પુસ્તકોમાં બાલસાહિત્યના ઉત્કૃષ્ટ પુસ્તક તરીકે રૂા. પાંચ હજારનું પારિતોષિક એનાયત કર્યું છે. આ સિવાય એમના 'કેડે કટારી, ખભે ઢાલ', 'ખિરાદરી', 'મોતને હાથતાળી', 'મોતીની માળા', અને 'હૈયું નાનું, હિંમત મોટી' એમ પાંચ પુસ્તકોને ભારત સરકાર તેમજ 'લાલ ગુલાબ,' 'ડાહ્યો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ડમરો' અને 'અપંગનાં ઓજસ' ને ગુજરાત સરકાર તરફથી પારિતોષિક એનાયત થયાં છે.

બાળસાહિત્ય અને પ્રૌઢસાહિત્ય ઉપરાંત શ્રી કુમારપાળ દેસાઈએ નવલિકા, વિવેચન અને સંશોધનના ક્ષેત્રે મહત્ત્વનું પ્રદાન કર્યું છે. એમનો 'એકાંતે કોલાહલ' નામનો વાર્તાસંગ્રહ એમની માનવતાસભર માંગલ્ય–દૃષ્ટિનો દ્યોતક છે. 'શબ્દ-સંનિધિ' નામનો એમનો વિવેચનસંગ્રહ પ્રગટ થયો છે. જ્યારે સંશોધન ક્ષેત્રે 'આનંદઘન: એક અધ્યયન' અને 'શ્રી જ્ઞાનવિમલસૂરિ કૃત સ્તબક' પ્રગટ થયા છે. 'આનંદઘન એક અધ્યયન' ને રાજસ્થાનની 'લોકસંસ્કૃતિ શોધ સંસ્થાન, નામની પ્રસિદ્ધ સંસ્થાએ ભારતની બધી ભાષાઓમાં પ્રકાશિક ભક્તિસભર સાહિત્યમાં શ્રેષ્ઠ ગણીને 'શ્રી હનુમાનપ્રસાદ પોદ્દાર સ્મૃતિ સુવર્ણચંદ્રક' એનાયત કર્યો છે.

તેઓ ગુજરાતી સાહિત્ય પરિષદ, શ્રી જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટ અને શ્રી યશોવિજય ગ્રંથમાળા ટ્રસ્ટના માનદ્ મંત્રી તરીકે સક્રિય છે અને પરિસંવાદ અને પ્રવચનના આયોજનમાં એમની વ્યવસ્થાશક્તિ જોવા મળે છે.

## કેળવણી

અભ્યાસકાળ દરમ્યાન કેટલીય વકતૃત્વ સ્પર્ધા અને નિબંધ સ્પર્ધાઓમાં શ્રી કુમારપાળ દેસાઇએ પારિતોષિકો મેળવેલાં છે. બી.એ.ના અભ્યાસ દરમ્યાન 'ગોવર્ધનરામ અને મુનશીનાં સ્ત્રીપાત્રો' એ વિષય પર નિબંધ લખીને 'દેવકરણ નાનજી નિબંધ–સ્પર્ધામાં સુવર્ણચંદ્રક મેળવ્યો હતો. અંગ્રેજીમાં કવિવર રવિન્દ્રનાથ ટાગોર વિશે નિંબંધ લખીને 'યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન' તરફથી 'રવીન્દ્ર ચંદ્રક' તેમને મળ્યો છે, સમાજશાસ્ત્રના વિષય પરના નિબંધ માટે તેમણે 'રેવ. ફાધર ડિસોઝા સુવર્ણચંદ્રક' મેળવ્યો હતો. 'જીવદયા મંડળી' યોજીત નિબંધ સ્પર્ધામાં પણ તેમના નિબંધને તમામ કોલેજોમાં પ્રથમ પારિતોષિક મળ્યું હતું તેઓ અત્યારે નવગુજરાત મલ્ટિ–કોર્સ ઇન્સ્ટિટ્યુટના ડેપ્યુટી ડાયરેકટર છે. ભાવનગર યુનિવર્સિટીના જર્નાલિઝમ કોર્સના એડવાઈઝર પણ છે. આ સિવાય ૧૩ વર્ષથી ગુજરાત યુનિવર્સિટીના તેમ જ એસ. એન. ડી. ટી.ના અનુસ્નાતક કેન્દ્રમાં અધ્યાપનનું કાર્ય પણ કરે છે. તેઓ પી એચ. ડી.ની પદવી માટે માર્ગદર્શક શિક્ષક છે. એમના માર્ગદર્શન હેઠળ ત્રણ વિદ્યાર્થીઓ પીએચ. ડી. કરી રહ્યા છે.

## પત્રકારત્વ

ગુજરાત સમાચારની 'ઈંટ અને ઇમારત' કોલમ એ ગુજરાતના સાંસ્કારિક ઘડતરમાં મહત્ત્વનો ફાળો આપતી એક કોલમ છે. રાજકારણનું વર્ચસ્વ ધરાવતાં અખબારોમાં આવી ચારિત્ર્યઘડતર કરનારી કોલમ માટે ટકવું દોહ્યલું હોય છે, પંરતું સ્વ. જયભિખ્ખુએ શરૂ કરેલી આ કોલમ આગવી ભાત ધરાવનારી હતી અને એમના અવસાન પછી ૧૯૭૦ના જાન્યુઆરીથી શ્રી કુમારપાળ દેસાઇ આ કોલમ લખી રહ્યા છે.

પિતાની આવી સર્જનાત્મક કોલમ પુત્રે ચાલુ રાખી હોય તેવો ગુજરાતી પત્રકારત્વનો આ પહેલો દાખલો છે. આ કોલમમાં આવતી પ્રસંગકથા અખાના ચાબખાની યાદ આપે છે, જ્યારે એમાં આવતી શાયરી તો કેટલાય વાચકોનાં હ્રદયને સ્પર્શી જાય છે. આવી જ એક લાક્ષણિક કોલમ 'ગુજરાત સમાચાર'માં દર બુધવારે પ્રગટ થતી 'ઝાકળ બન્યું મોતી' છે. આ કોલમમાં એકાદ પ્રસંગ લઈને તત્ત્વજ્ઞાનની કોઈ વિચારણાનું આગવું નિરૂપણ કરવામાં આવે છે.

## રમતગમત

રમતગમતની દુનિયામાં તો 'ક્રિકેટ એટલે કુમારપાળ'–એમ કહેવામાં આવે છે. એમણે અખબાર, રેડિયો અને ટેલિવીઝન પર રમતગમતની સમીક્ષા કરી છે. એમની પાસે રમતગમતની વિસ્તૃત માહિતી અને 'ડેટા'નો સંગ્રહ તૈયાર જ હોય છે, એમના સલીમ દુરાની પરના એક લેખને વાંચીને



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એક ક્રિકેટચાહકે ' My world of cricket ' નામનું ચારસો રૂા.ની કિંમતનું ક્રિકેટ-વિષયક પુસ્તક ભેટ આપ્યું હતું.

૧૯૬૧થી 'ગુજરાત સમાચાર'ના રમત વિભાગના સંપાદક તરીકે કામગીરી બજાવે છે. ૧૯૬૨થી 'નવચેતન'માં 'ખેલ અને ખેલાડી' નામનું કોલમ તેમજ ૧૯૬૩થી 'ગુજરાત સમાચાર'માં 'રમતનુ મેદાન' અને 'ઝગમગ'માં 'ખેલકુદ' નામનું કોલમ નિયમિતપણે લખે છે. એમના 'ભારતીય ક્રિકેટ' અને 'ક્રિકેટના વિશ્વવિક્રમો' એ બે પુસ્તકો અંગ્રેજી, હિંદી, ગુજરાતી અને મરાઠી એમ ચાર ભાષામાં પ્રસિદ્ધ થયા છે. જ્યારે 'ક્રિકેટ રમતાં શીખો' ભાગ–૧, ૨, માં ક્રિકેટ રમવાની રીતનો પરિચય આપવામાં આવ્યો છે. આ પુસ્તકો ગુજરાતી, હિંદી, અને મરાઠી ભાષામાં પ્રગટ થયાં છે. ભારતના કોઇપણ રમતસમીક્ષકનાં પુસ્તકો દોઢલાખ જેટલી સંખ્યામાં અને આટલી જુદી જુદી ભાષામાં પ્રસિદ્ધ થયાં નથી.

### સાંસ્કૃતિક ક્ષેત્રે

ધર્મની વ્યાપક ભાવનાને લક્ષમાં રાખીને તત્ત્વજ્ઞાનથી ભરપૂર એવાં શ્રી કુમારપાળ દેસાઈનાં પ્રવચનો ખૂબ ચાહના ધરાવે છે. ઇ. સ. ૧૯૭૩માં નવી દીલ્હીમાં યોજાયેલી 'ઇન્ટરનેશનલ કોન્ફરન્સ ઓન જૈનોલોજી'મા ગુજરાત યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે તેઓ ગયા હતા અને ત્યાં 'મહાવીરની અહિંસા' વિશે નિબંધવાંચન કર્યું હતું. ૧૯૭૬માં મુંબઇના પાટકર હોલમાં ઉચ્ચ આધ્યાત્મિક સાહિત્યનું સર્જન કરનારા ભારતના પાંચ વિદ્વાનોનું ચંદ્રક અને ચાંદીની પ્લેટથી સન્માન કરવામાં આવ્યું. જેમાં શ્રી કુમારપાળ દેસાઇ એક હતા. મુંબઈમાં યોજાતી 'પર્યુષણ વ્યાખ્યાન માળા'માં 'યુવાનો અને ધર્મ', 'મનની શોધ', 'મૃત્યુની મીઠાશ', અને 'મૌનની વાણી' જેવા ગહન વિષયો પરના એમનાં પ્રવચનોને અત્યંત લોકાદર મળ્યો છે. જુદા જુદા ધર્મની યોજાતી 'સર્વધર્મ પરિષદ'માં જૈન ધર્મ વિશે એમણે મનનીય પ્રવચનો આપ્યાં છે. પર્યુષણના આઠ દિવસ દરમ્યાન એમની 'પર્યુષણ પર્વ' નામે પ્રસિદ્ધ થતી લેખમાળામાં ધર્મનાં વ્યાપક તત્ત્વોના સર્વજન હિતની વિશાળ દૃષ્ટિને ખ્યાલમાં રાખીને પરિચય આપવામાં આવે છે.

શ્રી કુમારપાળ દેસાઇના પરિચયમાં આવનાર સૌ કોઇને તેમના સરળ. મિલનસાર તથા નિરાડંબર સ્વભાવનો પરિચય થયા વિના રહેતો નથી. સામાને મદદગાર થવાની તેમની તત્પરતાનો અનુભવ ઘણાને થયો છે.

આમ ખૂબ નાની વયમાં સાહિત્યકાર, પત્રકાર પ્રાધ્યાપક અને વકતા તરીકે શ્રી કુમારપાળ દેસાઈએ સમાજની અનોખી સેવા બજાવી છે. એમાં લેશ માત્ર અતિશયોકિત નથી. પોતાની આગવી પ્રતિભાથી જુદાં જુદાં ક્ષેત્રોમાં સફળપણે સમાજ, ધર્મ કે રાષ્ટ્રની ઉન્નતિ માટે કામગીરી બજાવે જતા આ યુવાનનું જીવન અનેકને પ્રેરણા આપી રહ્યું છે.

આ બહુમુખી પ્રતિભા ધરાવતા યુવાન પાસે સાહિત્ય, ધર્મ, તત્ત્વજ્ઞાન અને રમતગમતનું ક્ષેત્ર મોટી આશાઓ રાખીને બેઠું છે.

આ ઉપરાંત તેમ ને વિષે વિશેષ માહિતીનીચે મુજબ છે.

૧. છેલ્લા પાંચ વર્ષથી ગુજરાત યુનિવર્સિટીના પોસ્ટ ગ્રેજ્યુએટ વિભાગમાં પ્રોફેસર.

૨. ઉત્તમ સંશોધનકાર્ય માટે ગુજરાત યુનિવર્સિટી તરફથી ડૉ કે. જી. નાયક ચંદ્રક.

૩. પત્રકારત્વ ક્ષેત્રે ઉત્તમ કામગીરી બજાવવા માટે શ્રી યજ્ઞેશ હ. શુકલ પારિતોષિક.

(અનુસંધાન ટાઇટલ પેજ ૩ પર જુઓ)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(અનુસંધાન પાના નંબર ૧૬૦નું ચાલુ)

૪. નવી દિલ્હીની થર્ડ ઇન્ટરનેશનલ કોન્ફરન્સમાં ગુજરાત યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે હાજરી અને 'ગુજરાતની અહિંસા' વિશે પેપર રીડીંગ.

૫. ૧૯૮૪માં ચંદ્રેરિયા ફાઉન્ડેશન તરફથી ઇંગ્લેન્ડ અને અમેરિકાનો પ્રવાસ, જેમાં ન્યુયોર્ક, ન્યુજર્સી, અને લેસ્ટરમાં જૈન ધર્મ વિશે જાહેર પ્રવચનો.

૬. જૈન સમાજ યુરોપમાં અંગ્રેજી, હિન્દી અને અંગ્રેજી ગુજરાતીમાં પ્રગટ થતા ત્રૈમાસિક ' ધ જૈન ' ના એડવાઇઝર.

૭. 'શ્રી આત્માનંદ પ્રકાશ'માં પણ લેખો આપી માસિકને સમૃદ્ધ બનાવવામાં તેમનો ફાળો મોટો છે.

જૈન સેન્ટર ઓફ અમેરિકા [ ન્યુયોર્ક ] ના આમંત્રણથી ૧૯૮૫ના સપ્ટેમ્બરમાં પર્યુષણ દરમ્યાન વ્યાખ્યાનો આપવા અમેરિકાનો પ્રવાસ અને ૧૯૮૬ના ફેબ્રુઆરીમાં આફ્રિકાનો પ્રવાસ કર્યો ૧૯૮૭માં લેસ્ટર અને લોસ-એન્જલિનો પ્રવાસ.

જૈન જાગૃત્તિ સેન્ટર કર્ણાવતી દ્વારા જૈન સમાજના જ્યોતિર્ધર તરીકે બહુમાન.

ત્રણ વખત અમેરિકા અને બ્રિટન તેમ જ એકવાર આફ્રિકાનો વ્યાખ્યાન પ્રવાસ.

અમો તેમની પ્રગતિ ઉત્તરોત્તર વધતી રહે અને સમાજને તેમની સેવાનો લાભ મળતો રહે તેવી શુભેચ્છા દર્શાવીએ છીએ.

ઇન્દ્રિયોની શોભા શીલ છે. આરોગ્યની શોભા તપ છે, બુદ્ધિની શોભા શુભ ભાવ છે, લક્ષ્મીની શોભા દાન છે.

નિત્ય સુંદર ધાર્મિક વાંચન અને ધર્મક્રિયા પાપને ભગાડશે આત્માને નવો આનંદ ઉલ્લાસ આપશે.

જીવનમાં શાંતિ, મરણમાં સમાધિ, પરલોકમાં સદ્‌ગતિ અને પરંપરા એ મુક્તિપરની પ્રાપ્તિ માટે નવકારની સાધના એ અમોઘ ઉપાય છે.

" નમો અરિહંતાણું " પદના પરમ પૂજ્ય પ્રતિનિધિઓ મહાવિદેહ ક્ષેત્રમાં ૨૦ તીર્થંકર દેવો અત્યારે બીરાજમાન છે. તેઓશ્રીને આપણા કોટી કોટી વંદન હો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir





નમ્રતા-કૃતજ્ઞતા-પાત્રતા-યોગ્યતા વગેરે શબ્દો એકાર્થક છે. તેને વિકસાવવા માટે વ્યવહાર અને નિશ્ચયથી સાક્ષાત્ અને પરંપરાએ જે ઉપકારક છે, તેને તીર્થ સ્વરૂપ આદર આપતાં શીખવું જોઈએ.

રત્નત્રય અને તેના સાધનો સાક્ષાત ઉપકારી છે. તેથી તેના પ્રત્યે પૂજ્યતાનો વ્યવહાર કૃતજ્ઞતા ગુણ છે. અને સકળ વિશ્વ પ્રત્યે તે વિકસવો જોઇએ.

જેઓ નમનીય છે, ત્રિલોક પૂજ્ય છે. તેઓ નમવા યોગ્ય સર્વને નમીને નમનીય બન્યાં છે. સર્વ પ્રત્યે કૃતજ્ઞતા ગુણ કેળવીને પૂજ્ય બન્યાં છે. તેથી તેમને ભાવથી નમસ્કાર તો જ થઇ શકે કે નમનારના હૃદયમાં પણ સર્વ પ્રત્યે કૃતજ્ઞતાનો ભાવ રહેલો હોય. તેમ ન હોય, તો નમનીયને નમન પહોંચતું નથી. અર્થાત્ દ્રવ્ય નમસ્કાર થાય છે, ભાવ નમસ્કાર થતો નથી. ભાવનમસ્કાર કરવા માટે તેમનામાં રહેલા કૃતજ્ઞતા ગુણને પણ નમવું જોઈએ.

'પરસ્પરોપગ્રહો જીવાનાં' સૂત્રમાં આ મર્મને એના સર્વ પાસાંઓથી અભ્યાસીએ આત્મસાત્ કરવાથી સાચી કૃતકૃત્યતાનો અપૂર્વ અનુભવ થાય છે. તેમ જ આખા વિશ્વમાં પોતે અને પોતાનામાં આખું વિશ્વ ભાવથી સ્થપાય છે. તેના પરિણામે વિશ્વેશ્વર વીતરાગ તીર્થંકર પરમાત્માની ભક્તિ પરાકાષ્ઠાએ પહોંચે છે. મુક્તિ ગમન યોગ્યતાનો શીઘ્રતર વિકાસ થાય છે.

તંત્રી : શ્રી કાન્તિલાલ જે. દોશી એમ. એ.
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.
મુદ્રક : શેઠ હેમેન્દ્ર હરિલાલ આનંદ પ્રી. પ્રેસ, સુતારવાડ, ભાવનગર.

For Private And Personal Use Only